પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૮/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ વદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૨૦૩

**સુવિચાર**

આંખથી આખી દુનિયા જોઈ શકાય છે. પરંતુ એ આંખ ખુદને નથી જોઈ શકતી.
જગતને જોઈ શકતો માણસ જાતને જોઈ શકતો નથી.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એકિસડન્ટ) થયેલ ફેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...

ઓર્થોપેડીક વિભાગ
મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુંટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં

ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલટન્ટ ઓર્થોપેડીક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન

ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી

- દરેક પ્રકારનાં હાડકાનાં ફેકચરની અધતન સારવાર - ઘુંટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુંટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.

ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
NCT NETRA CHIKITSA TRUST
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## શેત્રુંજી વન્યજીવ વિભાગ અમરેલી અને ભાવનગર જિલ્લામાં એક વર્ષમાં ૪૩ સિંહનાં સફળ રેસ્કયુ

# અમરેલી જિલ્લામાં બૃહદગીરમાં ૧૦૦ જેટલા સિંહોનો વસવાટ

**રાજયમાં વર્ષ ૨૦૦૫ માં સિંહની વસ્તી ૩૫૯ હતી અને વર્ષ ૨૦૨૦માં સિંહની વસ્તી ૬૭૪ થઈ**

**સિંહ સહિતનાં વન્યજીવો ખુલ્લા કૂવામાં ન પડે તે માટે ૬૬૩ કૂવાઓને સુરક્ષિત કરાયા**

**અમરેલી જિલ્લામાં ખેતીની જમીનમાં અંદાજિત ૬૦૦ જેટલા મેડા બનાવવામાં આવ્યા**

**અમરેલી જિલ્લામાં સિંહોની સુરક્ષા પુરતા પ્રમાણમાં કરાયાનો તંત્રનો દાવો**







અમરેલી, તા. ૯

દર વર્ષે ૧૦ ઓગષ્ટના રોજ વિ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે. એશિયાટિક સિંહ ગુજરાતની આન, બાન અને શાન ગણાય છે. સમગ્ર એશિયા ખંડમાં માત્ર ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા ગીર જંગલમાં સિંહની વસ્તી વસવાટ કરે છે. દેશ અને વિદેશથી સાસણ ગીરમાં લોકો સિંહ જોવા આવે છે. શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણા અંતર્ગત અમરેલીમાં વર્ષ ૨૦૨૨–૨૩માં સિંહ સંરક્ષણને લઈને સફળ કામગીરી કરવામાં આવી છે. લીલીયા રેન્જ ફોરેસ્ટ ઓફિસરે જણાવ્યુ કે, અમરેલી જિલ્લામાં ગ્રેટર ગીર અટલે કે બૃહદગીરના વિસ્તારમાં (જંગલ સિવાયનો વિસ્તાર) અંદાજે ૧૦૦ થી ૧૧૦ જેટલા સિંહોનો વસવાટ છે. શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણા અંતર્ગત અમરેલી અને ભાવનગરનો વિસ્તાર આવે છે. આ વિસ્તારમાં વર્ષ ૨૦૨૨–૨૩માં ઈજાગ્રસ્ત ૪૩ સિંહના સફળ રેસ્કયુ કરીને સિંહને બચાવવામાં આવ્યા છે. એશિયા ખંડમાં માત્ર સૌરાષ્ટ્ર–ગુજરાતમાં એશિયાઈ સિંહોનો વસવાટ છે. ગીર નેશનલ પાર્ક અને ગીર વન્યજીવ અભ્યારણ્ય ગુજરાતની આન, બાન અને શાન ગણાય છે. ગીરમાં સિંહોના વસવાટમાં અને તેમના સંરક્ષણમાં જીવદયામાં માનતી પ્રેમાળ ગાંડી ગીરની પ્રેમાળ અને સંવેદનશીલ પ્રજાનો સિંહ ફાળો છે.

ગુજરાતમાં સતત સિંહની વસ્તીમાં વધારો થઈ રહ્યો છે. વર્ષ–૨૦૦૫માં સિંહની વસ્તી ૩૫૯ હતી જે વધીને વર્ષ–૨૦૨૦માં ૬૭૪ થઈ છે. ગુજરાત સરકારના વન વિભાગ અંતર્ગત સિંહ સહિતના વન્યજીવોને સંરક્ષણને લઈને વિવિધ

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલા શહેરમાં બન્યો બનાવ

## પતિએ મૈત્રી કરાર કરી લીધા, સાસુ-સસરાનાં ત્રાસનાં કારણે પરિણીતાએ દવા પી કર્યો આપઘાત

**મૃતકનાં ભાઈએ બહેનને મરી જવા મજબુર કર્યાની નોંધાવી ફરિયાદ**

અમરેલી, તા. ૯

સાવરકુંડલા ગામે રહેતા ઉમેશભાઈ હરીભાઈ પરમાર નામના રત્ન કલાકારની બહેન જયોત્સનાબેનનાં લગ્ન સાવરકુંડલા ગામે રહેતા હિતેષભાઈ વિનુભાઈ રાઠોડ સાથે થયા હતા. લગ્ન બાદ થોડા સમય ઘરસંસાર સારી રીતે ચાલ્યા બાદ તેણીના પતિ હિતેષભાઈએ અન્ય સ્ત્રી સાથે મૈત્રી કરાર કરી લેતા મૃતક જયોત્સનાબેનને તેણીનાં સાસુ લાભુબેન તથા સસરા વિનુભાઈ અવાર–નવાર શારીરિક–માનસિક ત્રાસ આપતા હોય. જેથી તેણી પોતાના પિયરમાં પોતાના પુત્ર સાથે રહેતા હોય. તેમ છતાં તેણીનાં પતિ, સસરા તથા સાસુએ તેણીને મરી જવા મજબુર કરતાં તેણીએ ગત તા. ૭નાં રોજ ડીડીટી (ઝેરી પાઉડર) પી જતાં તેણીનું મોત થતાં મૃતકનાં પતિ, સાસુ, સસરા સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
પૈસા બનવવા માટે, મગજની જરૂર છે.
જીવન જીવવા માટે, સંસ્કારની જરૂર છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868












## પોલીસ અધિક્ષક હિમકરસિંહનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લાનાં અનુ.જાતિનાં આગેવાનોની બેઠક યોજાઈ

અનુ.જાતિ સમાજ ઉપર થતાં અત્યાચારોમાં થયેલ વધારાને કેવી રીતે રોકી શકાય તેની ચર્ચા કરાઈ

અનુ.જાતિ મહોલ્લામાં દારૂનું વેચાણ કેવી રીતે રોકી શકાય તે અંગે વિચારણા થઈ

જિલ્લામાં વધુ બે નાયબ પોલીસ અધિક્ષકની નિમણૂંક કરવા માંગ કરાઈ

દરેક તાલુકા દીઠ ત્રણ–ત્રણ મળી કુલ ૫૦ જેટલા અનુ.જાતિનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લાનાં ૧૧ તાલુકાઓમાં અનુ.જાતિના એક તાલુકમાં ૩ જણા અને અમરેલી શહેરના આગેવાનો મળી કુલ ૫૦ અનુ.જાતિનાં આગેવાનોએ એટ્રોસીટીના કેસો બાબતે ગહન ચર્ચા કરવામાં આવી. જેમાં એટ્રોસીટીના કેસના ફરિયાદી સામે પોકસો જેવી ગંભીર ફરિયાદો ખોટી કરવામાં આવે છે. સામે ક્રોસ કમ્પ્લેઈન ખોટી રીતે દાખલ કરવામાં આવે છે. એટ્રોસીટીનાં આરોપીઓને ટેબલ જામીન આપી દેવામાં આવે છે, અનુ.જાતિ ઈસમોને જીવનું જોખમ હોય ત્યાં સમયસર પ્રોટેકશન આપવામાં આવતુ નથી તેમજ અનુ.જાતિના રાજય સ્તરની તકેદારીની બેઠક બોલાવવામાં આવતી નથી તેમજ જિલ્લા સ્તરીય તકેદારીની બેઠક બોલાવવામાં આવતી નથી તથા તાલુકા સ્તરે પણ તકેદારીની બેઠક બોલાવવામાં નથી આવતી. અનુ.જાતિ મહોલ્લામાં દારૂનું વેચાણ રોકવામાં આવે તેમજ અનુ.જાતિ અને અનુ.જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો–૧૯૯૫ નાં નિયમ–૭ મુજબ યોગ્ય અનુભવ ધરાવતા અને યોગ્ય પધ્ધતિથી તપાસ કરી શકે તેવા બે અનુભવી ડીવાયએસપી એસસી/એસટી સેલની તાત્કાલિક નિમણૂંક કરવામાં આવે તેમજ એસસી/એસટી સેલનાં બન્ને ડીવાયએસપી અમરેલી મુકામે હેડ ઓફિસ ખાતે બેસે છે. જેથી અરજદારોને અમરેલી આવવા ઘણું લાંબુ પડતું હોય રાજુલા વિસ્તાર ઘણો મોટો હોય આજુબાજુ ઔધોગિક વિસ્તાર હોય અવારનવાર એટ્રોસીટીનાં બનાવો બનતા હોય જેથી એક ડીવાયએસપીની સાવરકુંડલા ડિવીઝનના રાજુલા મુકામે ઓફિસ ખોલવાની અમરેલી અનુ.જાતિ સમાજે માંગણી કરી.

અમરેલી એસપી હિમકરસિંહે તમામ પ્રશ્નો બાબતે ખાત્રી આપી અને રજુ થયેલા તમામ પ્રશ્નો ઉકેલવાની મૌખિક ખાત્રી આપી અને આ સંકલન બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

આ બેઠકનું આયોજન એડવોકેટ નવચેતન પરમાર, વિકીભાઈ ચાવડા, ભરતભાઈ કાતરીયાએ કરેલ. જેમાં મુકેશભાઈ ગોહિલ (નિવૃત્ત પીએસઆઈ), જે.પી. પડાયા, વિ.ડી. ખેતરીયા, મનીષભાઈ ગોહિલ, ભીખુભાઈ હેલૈયા, અરવિંદભાઈ સીતાપરા, તુલસીભાઈ મકવાણા તેમજ બાબરાથી પી.એલ. મારૂ, સોમભાઈ સોઢળીયા તેમજ રાજુલા તાલુકામાંથી મેહન્દ્રભાઈ પરમાર, જીવણભાઈ મેઘજીભાઈ બાબરીયા, જેન્તીભાઈ બાબરીયા, ખાંભાથી દિનેશભાઈ મારૂ, પ્રવિણભાઈ સરવૈયા તેમજ ધારી તાલુકામાંથી શાંતિલાલ પરમાર, ગૌતમભાઈ દાફડા, હરેશભાઈ ગંગલ, જયેશભાઈ લુહર, અશોકભાઈ દાફડા તેમજ સાવરકુંડલા તાલુકામાંથી હસમુખભાઈ બગડા, ચિરાગભાઈ વાઘ તેમજ લાઠીમાંથી મુકેશભાઈ ભગવાનભાઈ તથા મહેન્દ્રભાઈ સેજુ તેમજ કુંકાવાવ–વડિયામાંથી વાલજીભાઈ પરમાર, મેઘજીભાઈ ચુડાસમા, આશિષભાઈ રાઠોડ તથા જે.બી. મકવાણા, રાજુભાઈ દામોદર, શરદભાઈ મકવાણા, હિતેષભાઈ સોલંકી, રમેશભાઈ સોંદરવા, ગોવિંદભાઈ ધાધલ, જીવરાજભાઈ પરમાર, ભીમજીભાઈ બગડા, રાજુભાઈ સાગઠીયા, હિંમતભાઈ ખેતરીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ સંકલન બેઠક માટે વિકીભાઈ ચાવડા તથા ભરતભાઈ કાતરીયાએ જહેમત ઉઠાવેલ હતી.

---

## પોલીસે થોડા દિવસો પહેલા સિરપ અને વિદેશી દારૂ ઝડપી લીધા બાદ

# લ્યો બોલો : બાબરાની યોગીધારા મીની ઓઈલ મીલનાં પ્લોટમાં મગફળીનાં છોતરાનાં રૂમમાંથી વિદેશીદારૂ ઝડપાયો

### આરોપી અમિત ઉર્ફે મામુ ગોરધનભાઈ ખોખરીયાની અટકાયત કરવા કવાયત શરૂ

અમરેલી, તા. ૯

બાબરા પંથકમાંથી શંકાસ્પદ આયુર્વેદિક શિરપ અને બાદમાં મસમોટો વિદેશી દારૂ ઝડપાયા બાદ ફરી એક વખત આજે વહેલી સવારે બાબરામાં આવેલ એક મીની ઓઈલ મીલનાં મગફળીનાં ફોફા રાખવાનાં રૂમમાં રાખેલ ભારતીય બનાવટનાં વિદેશી દારૂની બોટલો નંગ–૩૨૪ કિંમત રૂપિયા ૮૬,૧૮૪ નો મુદ્દામાલ અમરેલી એલ.સી.બી. પોલીસ ટીમે પકડી પાડતા ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં અમરેલીનાં પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાંથી દારૂની બદી દૂર કરવા અને પ્રોહિબિશનનાં વેંચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગઈ કાલ રાત્રીનાં સમયે બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન એલ.સી.બી. ટીમને બાતમી મળેલ કે, અમીત ઉર્ફે મામુ ગોરધનભાઈ ખોખરીયા રહે. અમરાપરાએ બાબરાનાં નીલવડા રોડ ઉપર આવેલ જી.આઈ.ડી.સી.–૨માં આવે પોતાની જ યોગીધારા મીની ઓઈલ મીલનાં પ્લોટ નં.૧૯૧/બી માં મગફળીનાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

છોતરા રાખવાનાં રૂમમાં ભારતીય બનાવટનાં વિદેશી દારૂનો જથ્થો વેંચાણ કરવા સારૂ રાખેલ છે.

જે બાતમી અને હકિકતનાં આધારે દરોડો કરતાં ત્યાંથી ભારતીય બનાવટનાં વિદેશી દારૂની બોટલો નંગ–૩૨૪ કિંમત રૂપિયા ૮૬,૧૮૪ નો મુદ્દામાલ પકડી પાડેલ છે. તેમજ દરોડા દરમિયાન મજકુર આરોપી અમીત ઉર્ફે મામુ ગોરધનભાઈ ખોખરીયા હાજર મળી આવેલ ન હોય તેને પકડી પાડવા તજવીજ હાથ ધરેલ છે. પકડાયેલ તમામ મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આમ બાબરા પંથકમાંથી થોડા દિવસોમાં જ શંકાસ્પદ આયુર્વેદિક શિરપ અને બાદમાં મસમોટો વિદેશી દારૂ ઝડપાયા બાદ ફરી એક વખત આજે વહેલી સવારે બાબરામાં આવેલ એક મીની ઓઈલ મીલનાં મગફળીનાં ફોફાં રાખવાનાં રૂમમાં રાખેલ ભારતીય બનાવટનાં વિદેશી દારૂની બોટલો નંગ–૩૨૪ કિંમત રૂપિયા ૮૬, ૧૮૪નો મુદ્દામાલ ઝડપાતા ચકચાર મચી જવા પામી છે.

---

## અનેક વખત નોટિસ પાઠવાઈ છતાં રકમ ભરતા ન હોવાથી

# અમરેલીની નાગરિક સહકારી બેન્કનાં પાંચ બાકીદારો વિરૂધ્ધ કોર્ટમાં ફરિયાદ

### બેન્કનાં અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાયો

અમરેલી, તા. ૯

અમરેલી નાગરિક સહકારી બેન્ક લી. અમરેલી ધ્વારા બેન્કની લોનના હપ્તા નિયમિત નહી ભરનાર (૧) જીતેન્દ્રભાઈ ડાયાભાઈ ટીમાણીયાનો રૂા. ૨૮,૬૭૪નો ચેક, (૨) ઈમરાનખાન મહમદખાન પઠાણનો રૂા. ૨૭,૯૧૧નો ચેક, (૩) અવેશભાઈ નાનભાઈ બીલખીયા નો રૂા. ૧,૦૦,૦૦૦નો ચેક, (૪) જીતેનદ્ર ધીરૂભાઈ ચૌહાણનો રૂા. ૧,૦૦,૦૦૦નો ચેક, (૫) પાર્થ જયસુખભાઈ કારેલીયાનો રૂા. ૫૦,૦૦૦નો ચેક રીટર્ન થતાં ચીફ કોર્ટમાં ફરિયાદ નોંધાવતા અન્ય હપ્તા કે વ્યાજ ભરવા કે સીસી રીન્યુ કરવામાં ઠાગાઠૈયા કરનાર લોન બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે.

બેન્કની રીકવરીની કામગીરી અંગે દેખરેખ રાખનાર ડિરેકટરોની યાદી જણાવે છે કે હજુ પણ ટૂંક સમયમાં એવા સીસી ધારકો કે જેઓ લાંબા સમયથી સીસી રીન્યુ કરાવતા ન હોય કે વ્યાજ અને સ્ટોકપત્રક નિયમિત આપતા ન હોય તેઓની સામે કોઈપણની શેહશરમ વગર વસુલાત અંગેનાં સખ્ત પગલા ભરવામાં આવશે જેની લોન બાકીદારો, ડીફોલ્ટરોએ નોંધ લેવી.

---

## જનતા જનાર્દનનાં પૈસાથી ખરીદવામાં આવેલ મશીનનો ઉપયોગ બંધ

# ખાંભાની મામલતદાર કચેરીનાં ઉપલા માળે રહેલ પાણીનું ફિલ્ટર મશીન શોભાનાં ગાંઠીયા સમાન

### ઉચ્ચ અધિકારીએ ઝડપથી મશીનનું રીપેરીંગ કરાવી કાર્યરત કરવું જોઈએ તેવી માંગ



ખાંભા, તા. ૯

ખાંભા તાલુકા મામલતદાર કચેરીમાં પહેલા માળે મહિનાઓથી બંધ હાલતમાં પીવાના પાણીનું ફિલ્ટર મશીન હોવાથી અરજદારો છતી સુવિધા ને છતાં પાણીએ તરસ્યા રહે છે.

ખાંભા તાલુકા મામલતદાર કચેરીના પહેલા માળે આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, દસ્તાવેજ નોંધણીની કામગીરી ચાલે છે. આ બધી અગત્યની કામગીરી માટે ૫૭ ગામોના ૧૦૦ જેટલા અરજદારો દરરોજ આવે છે. તેના માટે સરકારે તો વર્ષોથી પીવાના પાણીના ફિલ્ટરની સુવિધા આપી છે પરંતુ આ પ્લાન્ટ મહિનાઓથી બંધ હાલતમાં હોવાથી તમામ અરજદારો તથા ફરજ બજાવતો સ્ટાફ પીવાના પાણી માટે ભારે હાલાકી ભોગવી રહ્યો છે.

પ્રથમ માળે આવેલી ઓફિસોમાં ફરજ બજાવતો સ્ટાફને તો ખબર હોવાથી ઘરેથી પાણીની બોટલ લાવતા હોય પરંતુ ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા અરજદારોને બંધ પડેલ ફિલ્ટર પાણીના મશીનની ખબર ન હોવાથી તેઓ ભારે હાલકી ભોગવી રહ્યાં છે.

લાખો રૂપિયાનું ફિલ્ટર પાણીનું મશીન મહિનાઓથી બંધ હાલતમાં શોભાના ગાંઠિયા સમાન પડયું હોવા છતાં જવાબદાર અધિકારીઓ કે પહેલા માળે કામગીરી કરતાં અધિકારીઓ, કર્મચારીઓને ખબર હોવા છતાં પાણીની સુવિધા માટે ઉપલા અધિકારી કે ઉપલી કચેરીમાં રજૂઆત ન કરતાં હોવાથી છતા પાણીએ બધા અરજદારોને તરસ્યા રહેવાનો વારો આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રાઉન્ડ ફલોરમાં મામલતદાર ખુદ તથા નાયબ મામલતદારોની ઓફિસો આવેલી છે. ત્યાનું પીવાના પાણીનું મશીન ચાલું છે તેમજ આધાર કાર્ડ અને ચૂંટણીકાર્ડ, દસ્તાવેજના કામે આવતા અરજદારોમાં વિકલાંગ અરજદારો આવતા હોય તેમજ આધાર, ચૂંટણી કાર્ડની કામગીરી સંભાળતો કર્મચારી ખૂદ વિકલાંગ હોય તે તમામ વિકલાંગોને દાદરા ચઢીને પ્રથમ માળે જવાની ફરજ પડતી હોવાથી ભીખુભાઈ બાટાવાળાએ અનેક વખત ખૂદ મામલતદારને ગ્રાઉન્ડ ફલોરમાં ખાલી રૂમોમાં આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ તથા દસ્તાવેજની કામગીરી ચાલું કરવા અનેક વખત રજૂઆત કરી હોવા છતાં અગમ્ય કે વહીવટી કારણોસર નીચે રૂમ ફાળવતા નથી. અરજદારોના હિત ખાતર પીવાના પાણીનું ફિલ્ટર મશીન વ્હેલીતકે રિપેર કરાવો ગ્રામ્ય વિસ્તારનાં અરજદારોને પીવાના પાણીની સુવિધા સત્વરે કરવામાં આવે તેવું લોકો અને અરજદારો ઈચ્છી રહ્યાં છે.

---

## દેવળીયા, ચાંપાથળ, ચાંદગઢ, મોટા ગોખરવાળા, રાસ્થળી અને વિઠ્ઠલપુર ખંભાળીયાનાં સરપંચની માંગ

# અમરેલી નજીકથી પસાર થતી શેત્રુંજી નદીમાંથી રેતી ઉપાડવાની મંજૂરી સ્થાનિક ગામ પંચાયતને આપવા માંગ

### રાજયનાં મુખ્યમંત્રી તેમજ નાયબ દંડક વેકરિયાને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૯

અમરેલીનાં દેવભૂમિ દેવળીયા, ચાંપાથળ, વિઠ્ઠલપુર ખંભાળીયા, ચાંદગઢ, મોટા ગોખરવાળા અને રાજસ્થળી ગામનાં સરપંચોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ દંડક કૌશિક વેકરિયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકાના દેવળીયા, ચાંદગઢ, રાજસ્થળી, ગોખરવાળા મોટા–નાના તેમજ ચાંપાથળ, વિઠ્ઠલપુર ખંભાળીયા ગ્રામ્ય વિસ્તારોના સિમાડા મધ્યમાંથી શેત્રુંજી નદી અંદાજે ૧૦ કિ.મી. લંબાઈમાં રેવન્યુ વિસ્તારમાંથી પસાર થાય છે. અને આ નદીમાંથી અવાર–નવાર ખનન વિગેરે રેતી ચોરીના બનાવો બનતા રહે છે અને આના કારણે સરકારને એકપણ રૂપિયાની આવક થતી નથી.

વધુમાં જણાવેલ છે કે, હમણાં થોડા દિવસો પૂર્વે હાઈકોર્ટમાંથી આ બૃહદ ગીર ઈકોઝોન વિસ્તાર તરીકે સ્ટે હતો જેની અવધી સમાપ્ત કરી ઈકોઝોન ઉઠાવી લેવામાં આવેલ છે અને જાણકારી મુજબ સરકારના ખાણ–ખનીજ વિભાગ ધ્વારા જાહેર હરરાજી કરનાર હોવાનું જણાય છે. શેત્રુંજી લગત ઉપરોકત ગ્રામ્ય વિસ્તારોને આ નદીમાં લીઝ શરૂ થવાથી ગામતળ વિસ્તારમાંથી જાહેર રસ્તાઓ ઉપરની ડમ્પરો, આઈસર જેવા લોડેડ વાહનો પસાર થવાથી બ્લોક રોડ, સીસી રોડ, પિવાના પાણીની લાઈનો, ગટર લાઈનો, વાલ્વ ચેમ્બરો વિગેરે ગ્રામ્ય પંચાયતોને ખાસુ નુકસાન વેઠવું પડશે. રાજય સરકાર ધ્વારા ગ્રામ્ય પંચાયતોને પ્રથમ પ્રાયોરીટીસ આપી રેતીની લીઝ સરકારનાં ધારાધોરણ મુજબ આપવામાં આવે તો અમારી ગ્રામ પંચાયત વિસ્તારનાં થનાર ભવિષ્યમાં નુકસાનને આમાંથી થનાર આવકમાંથી પહોંચી શકાય તેમજ વિકાસ પાછળ આવકમાંથી વાપરી શકાય તો અમો રાજય સરકારની એક સ્થાનિક સ્વરાજયની સંસ્થા તરીકે ગ્રામ પંચાયતો હોઈએ અમારી આર્થિક સ્થિતિને અને ઘસારાને પહોંચી વળવા પ્રથમ પ્રાયોરિટીસ આપી ગ્રામ પંચાયતોને લીઝ આપવા અંતમાં માંગ કરેલ છે.

---

## જાફરાબાદ શહેરની ઘટના

# શાકમાર્કેટનાં થડામાંથી અજાણ્યો ઈસમ રોકડા રૂા. ૫૩૦૦ ચોરી કરી લઈ ગયો

### ગત તા. ૭નાં સાંજ પછીનાં સમયમાં બન્યો બનાવ

અમરેલી, તા. ૯

જાફરાબાદ ગામે રહેતા અને શાકભાજીનો ધંધો કરતાં દિનેશભાઈ માલાભાઈ ડોડીયા નામનાં ૩૫ વર્ષિય યુવકને જાફરાબાદ નગરપાલિકાની શાકમાર્કેટમાં શાકભાજીનો થડો હોય. તેમાંથી ગત તાં. ૭નાં સાંજનાં સમય બાદ કોઈ અજાણ્યો ચોર ઈસમ રૂા. ૫૩૦૦ રોકડા ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## જિલ્લાનાં જુદા-જુદા ગામો અને શહેરોમાં નાગરિકો દ્વારા

# અમરેલી જિલ્લામાં વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કર્યા

**જિલ્લાનાં દરેક નાગરિકોને જોડાવવા ક્યુ-આર કોડ સ્કેન કરી, પ્રતિજ્ઞા લઈને સેલ્ફી અપલોડ કરવા આહ્વાન**

**હાથમાં દીવો લઈ અથવા વૃક્ષારોપણ કરી કે પછી માટી હાથમાં લઈને સેલ્ફી ક્લિક કરવા અનુરોધ**

**૯ ઓગષ્ટથી ૧૫ ઓગષ્ટ પંચાયત સ્તરે અને ૧૫ થી ૩૦ ઓગષ્ટ તાલુકા સ્તરે કાર્યક્રમ યોજાશે**

**નિર્ધારિત કરેલ વેબસાઈટ ઉપર સેલ્ફી અપલોડ કરી શકાશે**



અમરેલી, તા. ૯

સ્વાતંત્ર્ય પર્વના અવસરે માતૃભૂમિના વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કરવાના હેતુથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા આગામી તા. ૩૦ ઓગષ્ટ, ૨૦૨૩ સુધી સમગ્ર દેશમાં ''મારી માટી, મારો દેશ'' કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. જિલ્લામાં 'મારી માટી મારો દેશ' 'માટીને નમન વીરોને વંદન' અભિયાનમાં જોડાવાની સાથે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નાગરિકોએ માતૃભૂમિના વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કર્યા હતા. આ અભિયાનમાં જોડાવા માટે વેબસાઈટની લિંક સાથે એક ક્યૂ-આર કોડ પણ આપવામાં આવ્યો છે. આ ક્યૂ-આર કોડને મોબાઈલમાં ગુગલ લેન્સની બાજુમાં આપવામાં આવેલા કેમેરા અથવા ક્યૂ-આર કોડ સ્કેનરથી સ્કેન કરવાથી સીધા સહભાગી થઈ શકાશે. નાગરિકો હાથમાં દીવો લઈ અથવા વૃક્ષારોપણ કરી કે પછી માટી હાથમાં લઈને પોતાની સેલ્ફી ક્લિક કરી આ અભિયાનમાં સહભાગી થઈ શકે છે.

આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ તબક્કામાં તા. ૯ થી તા. ૧૫ ઓગષ્ટ, ૨૦૨૩ દરમિયાન પંચાયત સ્તરમાં અને તા. ૧૫ થી તા. ૩૦ ઓગષ્ટ, ૨૦૨૩ સુધીમાં બ્લોક અને નગરપાલિકા સ્તરના કાર્યક્રમો યોજાશે. ''મારી માટી મારો દેશ'' કાર્યક્રમ અન્વયે, જિલ્લાની દરેક પંચાયતમાં વીરોને નમન કરવાના હેતુથી એક શિલાફલકમ એટલે કે તકતી મૂકવામાં આવશે. જે સ્થળો પર જળાશય ઉપલબ્ધ હોય ત્યાં અમૃત સરોવર/જળાશયોની આસપાસ આ તકતી મૂકવામાં આવશે. આ ઉપરાંત જયાં જળાશયો ઉપલબ્ધ ન હોય ત્યાં પંચાયત કચેરી, શાળા પાસે તકતી મૂકવામાં આવશે, જેમાં સ્થાનિક વીરોના નામ અંકિત કરવામાં આવશે. આ તકતીમાં વડાપ્રધાનના વિચાર, વીરોના નામ અને પંચાયતના સ્થળનું નામ, આઝાદીના અમૃત મહોત્સવનો લોગો સહિતની વિગતો હશે. વીરોની વ્યાખ્યામાં સ્વાતંત્ર્ય સેનાનીઓ, સુરક્ષા કર્મચારી (આર્મી, નેવી, એરફોર્સ) રાજય પોલીસ દળ, સીએપીએફના સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે કે એવા લોકો જે પોતાની ફરજ દરમિયાન મૃત્યુ પામ્યા છે, તેમને આ શિલાફલકમ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન આઝાદીના અમૃત મહોત્સવના પંચ પ્રણની પ્રતિજ્ઞા લેવડાવામાં આવશે અને સહભાગીઓ આ પ્રતિજ્ઞા હાથમાં માટીના દીવડા લઈને કરશે. સહભાગીઓ પોતાની સેલ્ફી, આ અભિયાનની વેબસાઈટ https://merimaatimeradesh.gov.in/step. પર અપલોડ કરી શકાશે.

## લેઉઆ પટેલ સમાજનાં મોભીઓ અને દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં અત્યાધુનિક પટેલ સમાજ ભવનનાં (વાડી) નિર્માણ માટે આયોજન બેઠક યોજાશે

**આગામી ૫૦ વર્ષને ધ્યાને લઈને વાડીનું નિર્માણ કરાશે**

અમરેલી, તા. ૯

સમયની સાથે સંગઠિત થઈ અને કામ કરવું એ લેઉઆ પેલ સમાજની ઓળખ છે. અમરેલીએ પટેલ સમાજની આગવી ઓળખ ધરાવતું નગર છે. અમરેલીમાં આગામી પચાસ વર્ષને ધ્યાનમાં રાખીને અત્યાધુનિક પટેલ સમાજ ભવનનું (વાડી) નિર્માણ થાય એ માટે લેઉઆ પટેલ સમાજનાં મોભીઓ અને દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં આજરોજ આયોજન બેઠક યોજાશે.

અમરેલી શહેરનાં કેરિયા રોડ સ્થિત, પટેલ કન્યા છાત્રાલય ખાતે લેઉઆ પટેલ સમાજનાં દરેક પરિવારનાં સભ્યો, શ્રેષ્ઠીઓ અને આગેવાનો વિશેષ ઉપસ્થિતિમાં સમાજની વાડી બનાવવા માટેની ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકના આયોજન અંગે વાત કરતા શ્રી દિલીપભાઈ સંઘાણીએ સમાજનાં દરેક વ્યકિતને હાર્દિક આમંત્રણ આપતા કહયું હતું કે, આ બેઠકમાં લેઉવા પટેલ સમાજનાં દરેક વ્યકિત અપેક્ષિત છે. સૌ સોથ મળીને વર્તમાન સમયમાં આગામી સમયને ધ્યાનમાં રાખીને એક અત્યાધુનિક વાડીની જરૂરીયાત છે. જે માટે આ બેઠક બોલાવવામાં આવી છે. જેમાં વિસ્તારથી જગ્યા, બાંધકામ અને કયાં પ્રકારની સુવિદ્યાઓ હોવી જોઈએ તે બાબતે ગોષ્ઠી કરવામાં આવશે. આ બેઠકમાં લેઉઆ પટેલ સમાજનાં દરેક સભ્યો સહભાગી બને એવી અપેક્ષા સહ નિમંત્રણ છે.

## અમરેલી ખાતે તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ

મહિલા તળપદા કોળી સેવા સમાજ અમરેલી દ્વારા તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ યોજાશે.

ભાગ લેનાર યુવક ધો. ૧૦ અથવા તો તેનાથી વધુ અભ્યાસ કરેલ હોવા જોઇએ તેમજ વેપાર કરતા, પોતાનું મકાન ધરાવતા અને ઓછામાં ઓછી ૨૦,૦૦૦/- આવક ધરાવતા યુવકો ફોર્મ ભરી શકશે.

યુવતીઓ માટે અભ્યાસ કે આવકને ધ્યાનમાં લેવામાં આવશે નહી. ફોર્મ અને માહિતી નીચેના સરનામે તા. ૧૭/૦૮/૨૦૨૩ સુધીમાં ફોર્મ મોકલી આપવા વિનંતી.

શ્રી આરતીબેન ગોહીલ, મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪ (પ્રમુખ)
શ્રી પરશોતમભાઇ એન. મકવાણા, મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭
શ્રી રમેશભાઈ આર. ડાભી, મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧

શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરિરામ' હોલસેલ માર્કેટ, દુ.નં. B/F-૧૩, પહેલો માળ, અમરેલી.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
FZS-Fi
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight 135kg
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz



HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
Honda Shield 3+3 years Warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

### લોકસભામાં કોંગ્રેસના નેતાના મણિપુર હિંસા મામલે આક્રમક તેવર

# સેના મણિપુરમાં એક દિવસમાં શાંતિ સ્થાપી શકે છે : રાહુલ

## તમે લોકોએ મણિપુરમાં હિન્દુસ્તાન, ભારત માતાની હત્યા કરી છે, તમે ભારતની સુરક્ષા કરનારા નથી પણ તમે તેમના હત્યારા છો : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૯

સંસદમાં ચોમાસું સત્ર ચાલી રહ્યું છે ત્યારે લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પર આજે બીજા દિવસે ચર્ચા થઈ રહી છે જેમા સાંસદ પદ પરત મળ્યાં બાદ રાહુલ ગાંધી પહેલીવાર લોકસભામાં બોલી રહ્યાં હતા. મણિપુર મામલે મોદી સરકાર વિરુદ્ધ લવાયેલા અવિશ્વાસ પ્રસ્તાવ મામલે રાહુલ ગાંધીની સ્પીચનો જવાબ આપતાં સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે મણિપુર ભારતનો અભિન્ન અંગ છે. તેમણે આ દરમિયાન કાશ્મીરી પંડિતો, ૧૯૮૪ના શીખવિરોધી રમખાણો, મહિલાઓ પર સામૂહિક દુષ્કર્મના વિવિધ મામલાઓ ઊઠાવીને તેમને જવાબ આપ્યો હતો.

રાહુલ ગાંધીએ આક્રમક વલણ અપનાવતા મોદી સરકાર સામે નિશાન તાક્તા કહ્યું કે તમે લોકોએ મણિપુરમાં હિન્દુસ્તાન, ભારત માતાની હત્યા કરી છે. તમે ભારતની સુરક્ષા કરનારા નથી પણ તમે તેમના હત્યારા છો. ભારતીય સૈન્ય એક જ દિવસમાં મણિપુરમાં શાંતિ લાવી શકે છે પરંતુ તમે તેનો ઉપયોગ કરતાં નથી. હું મોદીજીને એટલું કહીશ કે તેઓ હિન્દુસ્તાનની અવાજ નથી સાંભળતા તો કોનો અવાજ સાંભળે છે. તેમણે રાવણનું ઉદાહરણ આપતાં કહ્યું કે રાવણ ફક્ત બે લોકોની સાંભળતો હતો. એ જ રીતે મોદીજી પણ બે જ લોકોનું જ સાંભળે છે.

રાહુલ ગાંધીએ આક્રમક વલણ અપનાવતા સત્તાપક્ષ સામે આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે આ લોકોની રાજનીતિએ જ મણિપુરમાં હિન્દુસ્તાનની હત્યા કરી છે. રાહુલ ગાંધીએ આ દરમિયાન બે ઉદાહરણો પણ આપ્યા હતા જેમાં બે મહિલાઓએ તેમની આપવીતી વર્ણવી હતી. ભારત એ એક અવાજ છે. જો આપણે તેને સાંભળવું હોય તો આપણે અહંકારને ભૂલવું પડશે. તેમણે કહ્યું કે હું થોડા દિવસ પહેલા મણિપુર ગયો હતો પણ આપણા વડાપ્રધાન ન ગયા. કેમ કે તેમના માટે તે હિન્દુસ્તાનનો ભાગ નથી.

રાહુલ ગાંધીએ આ દરમિયાન એક ખેડૂતનો કિસ્સો શેર કર્યો. જેમાં કહ્યું કે એક ખેડૂત મને મળ્યો હતો. તેણે મને રુ નો બંડલ આપ્યો. તેણે કહ્યું કે મારી પાસે આ જ રહી ગયું છે. મેં તેને પૂછ્યું કે વીમાના પૈસા મળ્યાં? તો તેણે કહ્યું કે મને વીમાના પૈસા નથી મળ્યાં. આ પૈસા ભારતના મોટા ઉદ્યોગપતિઓ ખાઈ ગયા.

રાહુલ ગાંધીએ તેમની સ્પીચમાં એક આઠ વર્ષની છોકરીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે છોકરીએ મને પત્ર આપ્યો. તેમાં લખ્યું હતું કે રાહુલ હું તમારી સાથે ચાલીશ. મને તેનાથી ઘણી શક્તિ મળી. મને ખેડૂતો, યાત્રામાં ચાલનારા લાખો લોકોથી શક્તિ મળી. રાહુલ ગાંધીએ લોકસભામાં ભારત જોડો યાત્રાનો ઉલ્લેખ કર્યો હતો. જેના પર ફરી હોબાળો થયો હતો. તેમને બેસી જવા માટે કહી દેવાયું હતું.

તેમણે કહ્યું કે હું સમુદ્ર કિનારેથી કાશ્મીરના બરફના પર્વતો સુધી ચાલીને ગયો. મારી યાત્રા હજુ પૂરી થઈ નથી. ભલે હું લદાખ ગયો નથી. હું જરૂર આવીશ. ઘણા લોકોએ મને પૂછ્યું કે યાત્રા દરમિયાન કે યાત્રા બાદ પણ કે રાહુલ તમે કેમ ચાલી રહ્યા છો? તમારું લક્ષ્ય શું છે? ત્યારે મને શરૂઆત કર્યા બાદ ધીમે ધીમે વાત સમજાવા લાગી. જે વસ્તુથી મને પ્રેમ હતો, હું જે વસ્તુ માટે હું મરવા તૈયાર છું. જે વસ્તુ માટે હું મોદીજીની જેલમાં જવા તૈયાર છું. જેના માટે મેં ગાળો ખાધી. તેને હું સમજવા માગતો હતો. પોતાના સંબોધનની શરૂઆત કરતાં રાહુલ ગાંધીએ સાંસદ પદ પરત મળવા બદલ લોકસભા સ્પીકરનો આભાર માન્યો હતો. તેમણે આ દરમિયાન અદાણીનો મામલો ઊઠાવતાં સત્તાપક્ષના સાંસદો ભડક્યા હતા.

રાહુલ ગાંધીએ કહ્યું કે હું આજે ગૃહમાં અદાણી મુદ્દે નથી બોલવાનો. તેમની આ ટિપ્પણી સાથે જ સત્તાપક્ષના સભ્યો ભડક્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે તમારે ડરવાની જરૂર નથી.

### મણિપુર હિંસા પર કોંગ્રેસ નેતાના સરકાર પર પ્રહાર

# રાહુલની ફ્લાઈંગ કિસ પર સ્મૃતિ ઈરાની વિફર્યા

## રાહુલે બહાર નીકળતી વખતે અભદ્ર ઈશારો કર્યો, આવું માત્ર એક મહિલા દ્વેષી વ્યક્તિ જ કરી શકે છે : સ્મૃતિ

નવી દિલ્હી, તા.૯

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આજે લોકસભામાં મણિપુર વિવાદને લઈને ભાજપ પર જબરદસ્ત પ્રહારો કર્યા... તો રાહુલને વળતો જવાબ આપવા ભાજપ નેતા અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિએ ઈરાની પણ આક્રમક જોવા મળ્યા... લોકસભામાં રાહુલ ગાંધીનું ભાષણ બાદ સ્મૃતિ ઈરાની ઉભા થયા હતા અને તેમણે રાહુલ ગાંધી પર અભદ્ર ઈશારો કરવાનો આરોપ મુક્યો છે.

તેમણે કહ્યું કે, રાહુલ ગાંધીએ બહાર નીકળતી વખતે અભદ્ર ઈશારો કર્યો... આવું માત્ર એક મહિલા દ્વેષી વ્યક્તિ જ કરી શકે છે, જે સંસદમાં મહિલા સભ્યોની હાજરીમાં ફ્લાઈંગ કિસ આપી શકે છે.... ઈરાનીએ વધુમાં કહ્યું કે, આવું ખરાબ કૃત્ય સંસદમાં ક્યારેય જોવા મળ્યું નથી... આ તે પરિવારા લક્ષણો છે, જે દેશના લોકોને આજે સંસદથી ખબર પડી છે.

સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, ભારત માતાની હત્યાની વાતો કરનારા ક્યારે પાટલી થપથપાવતા નથી... કોંગ્રેસીઓએ માતાની હત્યા માટે પાટલી થપથપાવી છે. તેમણે કહ્યું કે, મણિપુર આપણા દેશનું અભિન્ન અંગ છે. તેમણે કહયું કે, આજે ગૃહમાં કહેવામાં આવ્યું કે, તેમણે યાત્રા કરી અને આશ્વાસન આપ્યું કે, જો તેમનું ચાલે તો તેઓ કલમ ૩૭૦ ફરી પુનઃ સ્થાપિત કરી દેશે... હું તેમને કહેવા માંગુ છું કે, જેઓ ગૃહમાંથી ભાગી ગયા છે, દેશમાં ન તો કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરાશે અને ન તો કાશ્મીરી પંડિતોને 'રાલિબ ગાલિબ ચલીબ' દ્વારા ધમકાવનારઓને બક્ષવામાં આવશે.

### વધતા જતા ભાવનો સાંસદે સંસદમાં વિરોધ કર્યો

# આપના સાંસદ ટામેટાંની માળા પહેરીને સંસદ ગૃહમાં પહોંચ્યા

## મોંઘવારી મુદ્દે સરકારને ઘેરવાના પ્રયાસમાં આપના સાંસદ સુશીલ ગુપ્તાએ અનોખી રીતે વિરોધ કર્યો

નવી દિલ્હી, તા.૯

રાજ્યસભાની કાર્યવાહી ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. આપ સાંસદ સુશીલ ગુપ્તા ટામેટાંની માળા પહેરીને આવતાં મામલો બગડ્યો હતો. જેના બાદ ગૃહમાં ભારે હોબાળાની સ્થિતિ સર્જાઈ હતી અને જેના પગલે રાજ્યસભાની કાર્યવાહી અટકાવી દેવામાં આવી હતી. રાજ્યસભા બાદ લોકસભામાં પણ હોબાળો થતા કાર્યવાહીને ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

લોકસભામાં આજે સતત બીજા દિવસે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા થશે. કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ આ દાવો કર્યો છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે ગૃહમાં બપોરે ૧૨ વાગ્યે સંબોધન કરશે. આ સિવાય કેન્દ્રીય ગૃહમંત્રી આજે સાંજે ૪ વાગ્યે ગૃહમાં કોંગ્રેસને જવાબ આપશે. આ વચ્ચે રાજ્યસભાની કાર્યવાહી બપોર ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. સુશીલ ગુપ્તા વધતાં જતાં ટામેટાંના ભાવ સામે વિરોધ દર્શાવવા અને મોંઘવારી મુદ્દે સરકારને ઘેરવાના પ્રયાસ રૂપે ટામેટાંની માળા પહેરીને ગૃહમાં આવ્યા હતા.

લોકસભાના સાંસદોએ ૧૯૪૨ના ભારત છોડો ચળવળની યાદમાં સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવા માટે એક મિનિટનું મૌન પાળ્યું હતું.

વિપક્ષના સાંસદોએ ૧૯૪૨ના ભારત છોડો ચળવળને યાદ કરીને સંસદ સંકુલમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ ઉપરાંત જાપાનમાં અણુ બોમ્બ ધડાકાની ૭૮મી વર્ષગાંઠ પર હિરોશિમા અને નાગાસાકીના પીડિતોને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. કેન્દ્ર સરકાર બહુમતીમાં છે. આ સ્થિતિમાં વિપક્ષની અવિશ્વાસની દરખાસ્ત પડી જશે તે સ્પષ્ટ છે.

અહી પ્રશ્ન એ થાય છે કે કેન્દ્ર સરકાર પાસે પૂર્ણ બહુમતી હોવા છતાં વિપક્ષ આ અવિશ્વાસ પ્રસ્તાવ શા માટે લાવી રહ્યો છે? આ માટે વિપક્ષી દળોનું માનવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મણિપુરના મુદ્દે ગૃહમાં કોઈ જવાબ નથી આપી રહ્યા, પરંતુ જ્યારે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવશે તો વડાપ્રધાને ગૃહની અંદર તેના પર જવાબ આપવો પડશે.

આ જ કારણ છે કે તમામ વિરોધ પક્ષો જાણે છે કે તેમની પાસે બહુમતી નથી. આમ છતાં આ પ્રસ્તાવ લોકસભામાં લાવવામાં આવ્યો હતો.

### પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીના કેન્દ્ર પર પ્રહાર

# ભાજપને દેશ છોડવા મજબૂર કરી દઈશું : મમતા બેનર્જી

## ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પૂર્વોત્તર રાજ્યોની હાલત સુધારવામાં નિષ્ફળ રહી છે : ટીએમસી

કોલકાતા, તા.૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ આજે મણિપુર હિંસા અંગે ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પૂર્વોત્તર રાજ્યોની હાલત સુધારવામાં નિષ્ફળ રહી છે. ભગવા પાર્ટીએ દેશ છોડી દેવો જોઈએ.

ઉલ્લેખનિય છે કે, મમતા બેનર્જી ઝાડગ્રામના ત્રણ દિવસના વહિવટી પ્રવાસે છે. આ દરમિયાન તેમણે કહ્યું કે, જાતીય ઘર્ષણનો સામનો કરી રહેલા મણિપુરમાં આદિવાસીઓ સંકટનો સામનો કરહ્યા છે અને તેમની દુર્દશા સાંભળનાર કોઈ નથી... ભારતમાં દલિતો પર અત્યાચાર થઈ રહ્યો છે અને કેન્દ્ર ઉદાસીન છે.

મુખ્યમંત્રીએ હિંસાગ્રસ્ત રાજ્યના પીડિતો માટે વિશ્વભરના લોકોને પ્રાર્થના કરવા વિનંતી કરી છે. ભારત છોડો આંદોલનની વર્ષગાંઠ પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપતા મમતા બેનર્જીએ કહ્યું કે, ભગવા પાર્ટીએ દેશ છોડી દેવો જોઈએ... તેમણે કહ્યું કે, અમે ભારત છોડો દિવસ પર પ્રતિજ્ઞા લઈએ છીએ કે, અમે ભાજપને ભારત છોડવા મજબુર કરી દઈશું... તેમણે કેન્દ્ર સરકાર પર રાજ્યને ફંડ ન આપવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, અમે કેન્દ્ર સરકાર દ્વારા પશ્ચિમ બંગાળની કરાઈ રહેલી અવગણના સામે લડીશું...

### હરિયાણાના ડેપ્યુટી સીએમના સરકાર સામે સવાલ

# નૂહ રમખાણો સુનિયોજિત, તપાસ જરૂરી : દુષ્યંત ચૌટાલા

## ડેપ્યુટી સીએમએ વહીવટી નિષ્ફળતાની વાત સ્વીકારતાં કહ્યું કે અધિકારી સ્થિતિનું યોગ્ય આકલન ન કરી શક્યા

નવી દિલ્હી, તા.૯

નૂહ રમખાણો મામલે ફરી એકવાર દુષ્યંત ચૌટાલાએ સરકાર સામે સવાલો ઊઠાવ્યા. તેમણે કહ્યું કે સરકાર નૂહમાં સ્થિતિનું સાચું અનુમાન લગાવવામાં જ નિષ્ફળ રહી છે.

તેમણે કહ્યું કે જિલ્લા તંત્ર પાસે એવી માહિતી હતી કે ધાર્મિક સરઘસમાં ૩૨૦૦ લોકો જ જોડાશે પણ તપાસનો વિષય એ છે કે તેનાથી પણ વધારે હજારો લોકો ત્યાં કેવી રીતે પહોંચી ગયા અને કેવી રીતે વહીવટી અધિકારીઓ સ્થિતિ બગડશે તેવો અનુમાન જ ન લગાવી શક્યા?

ડેપ્યુટી સીએમએ વહીવટી નિષ્ફળતાની વાત સ્વીકારતાં કહ્યું કે સરકારના અધિકારી કોઈપણ સ્થિતિનું યોગ્ય રીતે આકલન ન કરી શક્યા. આ તપાસનો મામલો છે.

દુષ્યંત ચૌટાલાએ નૂહમાં થયેલા રમખાણો અંગે કહ્યું કે રાજ્ય સરકારે ત્રણથી સાત કલાકમાં સ્થિતિને કાબૂમાં લઈ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જોકે અનેક રાજ્યો એવા છે જ્યાં આવા રમખાણો બેથી ત્રણ દિવસ સુધી કાબૂમાં આવતા નથી.

દુષ્યંત ચૌટાલાએ કહ્યું કે નૂહ રમખાણોમાં જે પણ સામેલ હતા ભલે પછી તે સગીર હોય કે પુખ્ત કોઈ પણ દોષિતને નહીં છોડીએ. તેમણે એક સવાલના જવાબમાં કહ્યું કે નૂહ રમખાણો સુનિયોજિત હતા. તેમાં કોઈ રાજકીય પક્ષનો હાથ છે કે નહીં તે વ્યાપક તપાસનો વિષય છે. જોકે એડીજીપી કાયદા વ્યવસ્થાના નેતૃત્વમાં તપાસ ચાલી રહી છે.

તેમણે કહ્યું કે કોઈને હટાવવા કે લાવવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે. અમે ત્યાં આઈઆરબીની બટાલિયન કાયમીરૂપે નિયુક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે ડેપ્યુટી સીએમ અનેકવાર એવા નિવેદનો આપી રહ્યા છે જેના લીધે સરકારની જ મુશ્કેલી વધી રહી છે જેના લીધે હરિયાણામાં ગઠબંધનવાળી સરકાર પર ખતરો તોળાતો દેખાઈ રહ્યો છે.

### કેન્દ્રીય રેલવે મંત્રીએ લેખિત પ્રશ્નનો જવાબ આપ્યો

# રેલવે ટૂંકમાં ૨.૪ લાખથી વધુ જગ્યાઓ પર ભરતી કરશે

## સુરક્ષા કર્મચારી, સહાયક સ્ટેશન માસ્ટર, બિન-તકનીકી લોકપ્રિય શ્રેણીઓ અને ટીકિટ કલેક્ટરની ભરતી કરાશે

નવી દિલ્હી, તા.૯

રેલવે દ્વારા જલ્દીથી ૨.૪ લાખથી વધુ જગ્યાઓ ભરવાની તૈયારી ચાલી રહી છે. તેનો ઉદ્દેશ્ય મુખ્ય રુપે સુરક્ષા કર્મચારી, સહાયક સ્ટેશન માસ્ટર (એએસએમ),બિન-તકનીકી લોકપ્રિય શ્રેણીઓ (એનટીપીસી)અને ટીકિટ કલેક્ટર (ટીસી)ની ભરતી થવાની છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે રાજ્યસભામાં લેખિત પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે રેલવેના દરેક ઝોનમાં ગ્રુપ સીની પોસ્ટમાં ૨,૪૮,૮૯૫ જગ્યાઓ ખાલી છે. જ્યારે ગ્રુપ એ અને બી ના પદોમાં ૨૦૭૦ જગ્યા ખાલી છે.

ભારતીય રેલવે પર ગ્રુપ એ ની સેવા માટે સીધી ભરતી યુપીએસી દ્વારા કરવામાં આવતી હોય છે. હવે યુપીએસી અને ડીઓપીટી પર માંગણી મુકવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે રેલવે વિભાગ દ્વારા હાલમાં જ આરપીએફમાં ૯૭૩૯ કોન્સ્ટેબલ અને સબ ઈન્સપેક્ટર ૨૭૦૧૯, સહાયક લોકો પાયલોટ (એએલપી) અને ટેકનીશિયન ગ્રેડની જગ્યા , ગ્રુપ ડીના પદ પર ૬૨૯૦૭, આરપીએફ ની ૯૫૦૦ જગ્યા પર ભરતી કરવામાં જાહેરાત કરવામાં આવી છે.

જાણો ક્યા ગ્રુપ માટે શું માંગવામાં આવી છે લાયકાત

ગ્રુપએઃ આ ગ્રુપમાં જગ્યા પર સામાન્ય રીતે યુપીએસસીદ્વારા સિવિલ સર્વિસ પરીક્ષા, એન્જિનિયરિંગ સેવા પરીક્ષા અને સંયુક્ત તબીબી સેવાઓ પરીક્ષા આયોજીત કરી કરી ભરતી કરવામાં આવે છે.

ગ્રુપબીઃ ગ્રુપ બી ની પોસ્ટ માટે ડેપ્યુટેશનના આધારે ગ્રુપ સી ના રેલ્વે કર્મચારીઓની સેક્શન ઓફિસર ગ્રેડ-અપગ્રેડેડ પોસ્ટ્સને જોડવામાં આવે છે.

ગ્રુપ સીઃ આ ગ્રુપમાં જગ્યાઓ સામાન્ય રીતે સ્ટેશન માસ્ટર, ટિકિટ કલેક્ટર, ક્લાર્ક, કોમર્શિયલ એપ્રેન્ટિસ, સુરક્ષા સ્ટાફ, ટ્રાફિક એપ્રેન્ટિસ, એન્જિનિયરિંગ પોસ્ટ્સ (ઈલેક્ટ્રિકલ, સિગ્નલ અને ટેલિકોમ, સિવિલ, મિકેનિકલ) વગેરેનો સમાવેશ થાય છે.

ગ્રુપડીઃ આ ગ્રુપની પોસ્ટમાં ટ્રેક-મેન, હેલ્પર, આસિસ્ટન્ટ પોઈન્ટ્સ મેન, સફાઈવાળા/સફાઈવાળી, ગનમેન, પટાવાળા અને રેલવે વિભાગના વિવિધ સેલ અને બોર્ડમાં વિવિધ પોસ્ટને સામેલ કરવામાં આવી છે.

### ઈતિહાસમાં પહેલીવાર ગાંધીજીના પ્રપૌત્રની અટકાયત

# ભારત છોડોની વર્ષગાંઠ ઊજવવા નિકળેલા તુષાર ગાંધીની અટકાયત

મુંબઈ, તા.૯

મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર ગાંધીની મુંબઈમાં પોલીસે અટકાયત કરી છે. તુષાર ગાંધીએ પોતે ટ્વીટ કરીને અટકાયત કરી હોવાનો દાવો કર્યો છે. તુષારે ટ્વીટ કર્યું કે તેમની સાંતા ક્રુઝ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. જોકે થોડા સમય બાદ તેમને છોડી દેવામાં આવ્યા હતા.

તુષાર ગાંધીએ ટ્વીટ કર્યું કે, સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલીવાર મારી અટકાયત કરવામાં આવી છે. તુષારે લખ્યું કે તેને સાંતા ક્રુઝ પોલીસ સ્ટેશનમાં અટકાયતમાં લેવામાં આવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે હું ૯ ઓગસ્ટના રોજ ભારત છોડો આંદોલનની વર્ષગાંઠની ઉજવણી કરવા માટે ઘરેથી નીકળ્યો હતો. મને ગર્વ છે કે મારા પરદાદા બાપુ અને બાની પણ ઐતિહાસિક તારીખે અંગ્રેજ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

તુષાર ગાંધીએ બીજું ટ્વીટ કર્યું અને તેમણે લખ્યું કે, પોલીસ સ્ટેશન છોડવાની પરવાનગી મળતાં જ હું ઓગસ્ટ ક્રાંતિ મેદાન માટે રવાના થઈ જઈશ. ઓગસ્ટ ક્રાંતિ દિવસ અને તેના શહીદોને યાદ કરશે. પોલીસે થોડા સમય બાદ તુષાર ગાંધીને છોડી મુક્યા હતા. તુષારે ટ્વીટ કરીને લખ્યું કે હવે મને જવા દેવામાં આવી રહ્યો છે. ઓગસ્ટ ક્રાંતિ મેદાન તરફ જઈ રહ્યો છું. ઈક્લાબ ઝિંદાબાદ!

આ મામલે પોલીસ દ્વારા હજુ સુધી કોઈ નિવેદન બહાર પાડવામાં નથી આવ્યું. જોકે, ટ્વીટર પર યુઝરને જવાબ આપતા તુષાર ગાંધીએ કહ્યું કે ઓગસ્ટ ક્રાંતિ મેદાન સુધી શાંતિપૂર્ણ કૂચની તૈયારીઓ હતી પરંતુ તેને કાયદો અને વ્યવસ્થા માટે પડકાર તરીકે જોવામાં આવે છે. તુષાર ગાંધીને તેમના સમર્થકો સાથે અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

### ATM પર દર મહિને કેટલા ફ્રી ટ્રાન્ઝેક્શન થઈ શકે ?

# પેનલ્ટીના નામે ૫ વર્ષમાં ગ્રાહકો પાસેથી ૩૫,૬૦૦ કરોડ ખંખેર્યા

## બેંકોમાં તમે દરેક ક્વાર્ટરમાં મિનિમમ બેલેન્સ ન રાખો, ATMના વધારાના ટ્રાન્ઝેક્શન કરો અથવા SMS સર્વિસ મેળવો ત્યારે દરેક વખતે બેંકોને તેમાં કમાણી થાય છે

નવી દિલ્હી, તા.૯

ભારતમાં બેંક્રો સર્વિસ ચાર્જિસ તરીકે દર વર્ષે તગડી કમાણી કરી છે જે સંસદમાં રજુ થયેલા આંકડા પરથી સાબિત થાય છે.

રાજ્યસભામાં આજે રાજ્યકક્ષાના નાણામંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૮થી અત્યાર સુધીમાં, એટલે કે છેલ્લા પાંચ વર્ષોમાં બેંક્રોએ ગ્રાહકો પાસેથી ૩૫,૫૮૭ કરોડ રૂપિયા જુદા જુદા સર્વિસ ચાર્જ અને પેનલ્ટી તરીકે વસુલ્યા છે. તેમાંથી ૨૧,૦૪૪ કરોડ રૂપિયા તો મિનિમમ બેલેન્સ ન રાખવાના કારણે નોન-મેન્ટેનન્સ ચાર્જ તરીકે વસુલવામાં આવ્યા છે.

બેંક્રોમાં તમે દરેક ક્વાર્ટરમાં મિનિમમ બેલેન્સ ન રાખો, ATMના વધારાના ટ્રાન્ઝેક્શન કરો અથવા SMS સર્વિસ મેળવો ત્યારે દરેક વખતે બેંક્રોને તેમાં કમાણી થાય છે. મોટી સરકારી અને પ્રાઈવેટ બેંક્રોએ પાંચ વર્ષના સમયગાળામાં ગ્રાહકો પાસેથી ૩૫,૫૮૭ કરોડ રૂપિયા મેળવ્યા છે. તેમાં પણ મોટી કોમર્શિયલ બેંક્રો આવા ચાર્જિસ વસુલવામાં સૌથી આગળ છે. છેલ્લા પાંચ વર્ષની અંદર બેંક્રોએ મિનિમમ બેલેન્સ ન રાખવાના કારણે જે પેનલ્ટી વસુલી તેની રકમ ૨૧,૦૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધારે છે તેમ સરકારે સંસદમાં જણાવ્યું છે. રાજ્યકક્ષાના નાણામંત્રી ભગત કરાડે એક પ્રશ્નના જવાબમાં આ જણાવ્યું હતું. બેંક્રો દ્વારા વસુલવામાં આવતો ઉંચો સર્વિસ ચાર્જ એક મહત્ત્વનો મુદ્દો છે અને તે અંગે સરકાર સમક્ષ ઘણી ફરિયાદો પણ આવી છે.

આ ઉપરાંત સરકારી માલિકીની બેંક્રો તથા એક્સિસ બેંક, HDFC બેંક, ઈન્ડસઈન્ડ બેંક, ICICI બેંક વગેરે પ્રાઈવેટ બેંક્રોએ વધારાના ATM ટ્રાન્ઝેક્શન માટે ૮,૨૮૯.૩૨ કરોડની વસુલાત કરી હતી. આ ઉપરાંત SMS સર્વિસ પૂરી પાડવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ગ્રાહકો પાસેથી ૬,૨૫૪ કરોડની વસુલી કરવામાં આવી છે.

મંત્રીએ જણાવ્યું કે બેંક્રો દ્વારા વસુલવામાં આવતા સર્વિસ ચાર્જિસને રેગ્યુલેટ કરવા માટે RBI 1 જુલાઈ ૨૦૧૫ના રોજ માસ્ટર સર્ક્યુલર લાવી હતી. તે પ્રમાણે બેંક્રોને સેવિંગ્સ એકાઉન્ટમાં મિનિમમ બેલેન્સ ન જાળવતા ગ્રાહકો પાસેથી પેનલ્ટી નક્કી કરવાનો અધિકાર છે, પરંતુ તે વાજબી હોવી જોઈએ. આ પેનલ્ટી સર્વિસ પૂરી પાડવાના એવરેજ કોસ્ટ જેટલી ન હોવી જોઈએ.

આ ઉપરાંત એસએમએસ મોકલવાના ચાર્જ પણ વાજબી રાખવા માટે આરબીઆઈએ બેંક્રોને સલાહ આપી છે. RBIના ૨૦૨૧ના પરિપત્ર પ્રમાણે બેંકના ગ્રાહકો પોતાની બેંકના ATMમાંથી દર મહિને પાંચ ફ્રી ટ્રાન્ઝેક્શન કરી શકે છે.

આ ઉપરાંત બીજી બેંક્રોના ATMમાંથી પણ તેઓ ચોક્કસ સંખ્યામાં ફ્રી ટ્રાન્ઝેક્શન કરી શકે છે. મેટ્રો શહેરોમાં આવા ત્રણ ટ્રાન્ઝેક્શન અને નોન-મેટ્રોમાં પાંચ ટ્રાન્ઝેક્શનની લિમિટ છે. ત્યાર પછી ATMમાંથી રૂપિયા ઉપાડવામાં આવે તો દરેક ટ્રાન્ઝેક્શન દીઠ વધુમાં વધુ ૨૧ રૂપિયા ઉપરાંત સર્વિસ ટેક્સ લાગે છે.

### ચૂંટણી-ઈવીએમના ખોટા સમાચાર બદલ કાર્યવાહી

# સરકારે આઠ યુટ્યુબ ચેનલ પર પ્રતિબંધ લાદી દીધો

## કેન્દ્ર સરકાર સોશિયલ મીડિયા પર થઈ રહેલી અનુચિત ગતિવિધિઓ પર સતત નજર રાખી રહી છે

નવી દિલ્હી, તા.૯

સરકારે ગઈકાલે મોટી કાર્યવાહી કરતા આઠ યુટ્યુબ ચેનલો બંધ કરી દીધી છે. સરકારે ગઈકાલે કહ્યું કે તેણે લોકસભાની ચૂંટણી અને ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન પર પ્રતિબંધ જેવા ખોટા સમાચાર ફેલાવવા પર આઠ ચેનલોને પર આ કાર્યવાહી કરવામાં આવી છે.

સરકાર સોશિયલ મીડિયા પર થઈ રહેલી ગતિવિધિઓ પર સતત નજર રાખી રહી છે તેમા પણ ખોટા સમાચારને લઈને સરકારે ખુબ જ કડક વલણ અપનાવ્યું છે જેમાં ભ્રામક માહિતી અને ફેક ન્યુઝ ચલાવતી ૮ યુટ્યુબ ચેનલો પર કડક પગલા લેતા બંધ કરી દીધી છે. કેન્દ્રિય માહિતી અને પ્રસારણ મંત્રાલયે ગઈકાલે કહ્યું હતું કે કોઈપણ તથ્યો વિના અને સમય પહેલા જ લોકસભા ચૂંટણીની જાહેરાત કરવાનું તેમજ વોટિંગ મશીનો સંબંધિત ખોટા સમાચાર ફેલાવતી આઠ ચેનલો પર કાર્યવાહી કરવામાં આવી હતી. માહિતી અને પ્રસારણ મંત્રાલયના જણાવ્યા અનુસાર જેના પર કાર્યવાહી કરવામાં આવી છે તે યુટ્યુબ ચેનલો ભારતીય સેના, રાષ્ટ્રપતિ-વડાપ્રધાન તેમજ સરકારી યોજનાઓ વિશે ખોટી માહિતી ફેલાવી રહી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે આ યુટ્યુબ ચેનલો પાસે મિલિયન સબસ્ક્રાઈબર્સ હતા. આ યુટ્યુબ ચેનલોના વીડિયોની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન આ ચેનલોમાં ઘણી ખામીઓ જોવા મળી હતી. અધિકારીઓએ જણાવ્યું કે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરોએ આ ચેનલો પરના ફેક ન્યૂઝની હકીકત તપાસી છે. અધિકારીઓએ જણાવ્યું કે જે ચેનલો પર કાર્યવાહી કરવામાં આવી છે તેના ૨ કરોડથી વધુ સબસ્ક્રાઈબર્સ છે. સરકારે આ અગાઉ પણ ભ્રામક અને ખોટા સમાચાર ફેલાવતી ઘણી યુટ્યુબ ચેનલોને બ્લોક કરી છે.

### કોંગ્રેસ નેતા સંસદ ભવન જતા હતા

# રાહુલે અકસ્માતગ્રસ્ત સ્કૂટી ચાલકની મદદ કરી

નવી દિલ્હી, તા.૯


લોકસભામાં આજે સતત બીજા દિવસે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા ચાલી રહી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આ ચર્ચામાં સામેલ થયા છે. આજે કોંગ્રેસના નેતા તેમના નિવાસસ્થાનથી સંસદ જવા નીકળ્યા ત્યારે તેમની કાર અચાનક રોકાઈ ગઈ હતી. તેમની ગાડી રોકાવાનું કારણ એક અકસ્માત હતો.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી જ્યારે ૧૦ જનપથ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે જોયું કે એક સ્કૂટીનો અકસ્માત થયો હતો.

આ પછી તે તરત જ તેમની કારમાંથી નીચે ઉતર્યા અને સ્કૂટી ચાલકની ખબર પૂછી હતી. જ્યારે સ્કૂટી ડ્રાઈવે કહ્યું કે તે સંપૂર્ણપણે ઠીક છે, ત્યાર બાદ તે કારમાં બેસીને સંસદ જવા રવાના થઈ ગયા હતા.

# સાવરકુંડલા : લિમ્કા બુક ઓફ રેકોર્ડ માટે નોમીનેટ : બાપ તેવાં બેટા અને વડ જેવાં ટેટા..!!

(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૯



આ પ્રાચીન કહેવતને ત્રણ વર્ષનાં હર્ષિવે પૂરવાર કરી બતાવી છે. પર્વતારોહક પિતાનાં પગલે પુત્રની પા–પા પગલીએ ૧૨૫૦ ફૂટ ચોટીલા ડુંગર ૧૭:૫૫ મિનિટમાં સર કર્યો. તે દિવસે હર્ષિવ ફકત ૨ વર્ષ, ૧૧ મહિના, ૧૬ દિવસનો હતો.

મૂળ અમરેલી જિલ્લાનાં ઈશ્વરીયા ગામનાં વતની અને એમ.એસ.સી. આઈ.ટી. સોફટવેર ડેવલપરનાં બીઝનેસ અંતર્ગત રાજકોટ વસતાં મયુરભાઈ વામઝા પોતે પણ સારા પર્વતારોહક છે. જેથી પિતાનાં પગલે માત્ર બે વર્ષનાં બાળ કે ચોટીલા ડુંગર અત્યાર સુધીનાં ઈતિહાસમાં રેકર્ડ બ્રેક સમયમાં ચઢાણ કરી લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવવા નોમિનેટ થયો છે. કક્કો લખે તે પહેલા જ સાહસિકતાની પા–પા પગલી ભરનાર હર્ષિવનાં ટ્રેકર અને સાયકલિસ્ટ પિતા મયુરભાઈ વામજાએ જણાવ્યું કે, પોતે સાહસિક પ્રવૃતિઓ સાથે જોડાયેલા હોય પુત્ર ચાર વર્ષનો થાય પછી તેને પણ આ ક્ષેત્રમાં લઈ જવાનો વિચાર કર્યો હતો. પરંતુ તે પહેલા જ પુત્ર હર્ષિવે અનોખી સિધ્ધી મેળવી છે. ગઈ તા. ૫ નાં રોજ પરિવારના સભ્યો સાથે ચોટીલા માતાજીએ દર્શન કરવા ગયા હતા. આ સમયે હર્ષિવે ડુંગર પોતાની જાતે ચડવાનું શરૂ કર્યું હતું. અમને એમ હતું કે તે થાકશે એટલે તેને તેડી લઈશું. પરંતુ હર્ષિવે કોઈ ફરિયાદ કર્યા વગર ડુંગર પરના પગથિયા ચડતો જોઈ અમે પણ તેને પ્રોત્સાહન આપતા રહ્યાં હતા. શરૂઆતથી અંત સુધી મોબાઈલમાં શૂટીંગ કર્યું હોય હર્ષિવે વિનાવિઘ્ને ૧૭:૫૫ મિનિટ સમયમાં ૬૫૫ પગથિયા ચોટીલા માતાજીનાં ડુંગર પર પહોંચ્યો હતો. પરંતુ આવડી નાની ઉંમરમાં હજુ સુધી કોઈ બાળકે ૧૨૫૦ ફૂટની ઉંચાઈ સર કરી ન હોવાનું જાણવા મળ્યું હતું.

જેથી હર્ષિવનો પુરો ૧૮ મિનિટનો વિડીયો સહિતનાં દસ્તાવેજો લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવવા મોકલી આપ્યા છે. આગામી દિવસોમાં લિમ્કા બુક ઓફ રેકોર્ડની સંસ્થા તપાસ કરશે. અને યોગ્ય લાગ્યે હર્ષિવને તેની સિધ્ધી બદલ લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળશે.

### આવકો રૂ. ૨,૧૪૯.૧૮ મિલિયન જે નાણાકીય વર્ષ ૨૦૨૩ના પ્રથમ ક્વાર્ટરનાં ૨,૦૬૫.૫૩ મિલિયનની તુલનામાં ૪ ટકા

# એપીએમ ટર્મિનલ્સ પિપાવાવનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નાણાકીય વર્ષ ૨૦૨૪નાં પ્રથમ ક્વાર્ટરમાં ૪ ટકા વધીને રૂ. ૬૭૮.૨૬ મિલિયન થયો, જે અગાઉ રૂ. ૫૯૩.૩૯ મિલિયન હતો

### કોન્સોલિડેટેડ ઈબીઆઈટીડીએ રૂા. ૧,૦૫૮.૪૨ મિલિયન, જે નાણાકીય વર્ષ ૨૦૨૩નાં પ્રથમ કવાર્ટરનાં રૂા. ૧,૧૧૬.૪૩ મિલિયનની તુલનામાં ૫ ટકા ઓછો

પિપાવાવ, તા. ૯

પશ્ચિમ ભારતમાં અગ્રણી ગેટવે પોટર્સ પૈકીનાં એક એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ (ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ)નો ૩૦ જૂન ૨૦૨૩નાં રોજ સમાપ્ત થયેલા પ્રથમ કવાર્ટર માટે કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૧૪ ટકા વધીને રૂા. ૬૭૮.૨૬ મિલિયન થયો છે, જે ગત વર્ષે સમાન સમયગાળામાં રૂા. ૫૯૩.૩૯ મિલિયન હતો.

સમીક્ષા હેઠળના પ્રથમ કવાર્ટરમાં કામગીરીમાંથી આવકો રૂા. ૨,૧૪૯.૧૮ મિલિયન નોંધાઈ છે, જે ગત વર્ષે સમાન સમયગાળામાં રૂા. ૨,૦૬૫.૫૩ મિલિયન હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩નાં પ્રથમ કવાર્ટરમાં ઈબીઆઈટીડીએ રૂા. ૧,૦૫૮.૪૨ મિલિયન નોંધાયો છે, જે અગાઉના વર્ષે સમાન સમયગાળામાં રૂા. ૧,૧૧૬.૪૩ મિલિયન હતો. નાણાકીય વર્ષ ૨૦૨૩નાં પ્રથમ કવાર્ટરમાં ઈબીઆઈટીડીએ માર્જીન ૪૯.૨૫ ટકા નોંધાયું છે, જે અગાઉના વર્ષે ૫૪.૦૫ ટકા હતું.

કન્ટેનર વોલ્યુમ ૭ ટકા વધીને ૧૯૯,૦૦૦ ટીઈયુ, ડ્રાઈ બલ્ક વોલ્યુ ૨૮ ટકા ઘટીને ૦.૬૭ મિલિયન એમટી, લિકિવડ વોલ્યુમ ૨૯ ટકા વધીને ૦.૨૬ મિલિયન એમટી તથા રો–રો હેઠળ વોલ્યુમ ૧૧૮ ટકા વધીને ૧૪,૦૦૦ યુનિટ થયું છે, જે અગાઉના વર્ષે સમાન સમયગાળામાં ૬,૦૦૦ યુનિટ હતું. નાણાકીય વર્ષ ૨૦૨૩નાં પ્રથમ કવાર્ટરમાં કન્ટેનર ટ્રેનનું સંચાલન ૧૦.૬ ટકા વધીને ૫૨૩ થયું છે, જે અગાઉ ૪૭૩ હતું.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ''સાયબર ક્રાઈમ જન જાગૃતિ અભિયાન''



અમરેલી, તા. ૯

અમરેલીમાં શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં સાયબર ક્રાઈમ જન જાગૃતિ અભિયાન વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમરેલી દ્વારા શ્રીજી વિદ્યાર્થી ભુવનનાં વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ જન જાગૃતિ અભિયાન અંતર્ગત સાયબર ક્રાઈમ પોલીસ સબ ઈન્સપેકટર પી.બી. ચાવડા તથા કોન્સ્ટેબલ મહાવીરભાઈ જેબલિયાએ ખુબ જ માર્ગદર્શન અને માહિતી આપીને સાયબર ક્રાઈમનો ભોગ ન બનીએ તે અંગે માહિતગાર કરેલ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સાયબર ક્રાઈમ વિશે પ્રશ્નોતરી કરી તેનો સંતોષપૂર્વક જવાબ બંને અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યો. સંસ્થાનાં સંચાલક દિપકભાઈ વઘાસીયા દ્વારા બંને મહાનુભાવોનું ભારતમાતાની ચિત્ર પ્રતિમા આપીને સ્વાગત સન્માન કરવામાં આવેલ.

### ગદ્ય સાહિત્ય સભા દ્વારા

# અમરેલી ખાતે 'સુમન સ્મરણ' જન્મદિન શબ્દાંજલિ ભાવમાં સંપન્ન

### સર્જકો દ્વારા લઘુકથા–લાઘવિકા, હાઈકુ પઠન દ્રાય શબ્દ સુમન અર્પણ

અમરેલી, તા.૯



ગદ્ય સાહિત્ય સભા અમરેલી દ્વારા પ્રસિધ્ધ વાર્તાકાર વાસુદેવ સોઢાનાં જીવનસાથી દિવંગત સુમનબેનનાં જન્મદિને તા.૫ ઓગષ્ટ–૨૦૨૩ ને શનીવારનાં રોજ જીવનતીથ વિદ્યાલય અમરેલી ખાતે સુમન સમરણ 'શિર્ષક તળે વરિસ સાહિત્યકાર ગણપતભાઈ ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને વરિષ્ઠ કવિ હષદ ચંદારાણાની પ્રેરક ઉપસ્થિતિમાં સર્જકો દ્વારા શબ્દ સુમન અર્પણ કરવાનો ઉપક્રમ ભાવમય સંપન્ન થયો હતો.

પ્રારંભે કું. ઝીલ જોષી દ્વારા પ્રાર્થનાગીત રજુ થયા બાદ કેળવણીકાર ઉદય દેસાઈએ સૌનું શાબ્દિક સ્વાગત કરેલ અને પુર્વભૂમિકામાં જણાવેલ કે વાસુદેવ સોઢાએ પ્રિયજનની યાદમાં જન્મદિને સર્જકો નવતર અભિગમરૂપે ગધ–પધનાં ટુંકા સ્વરૂપનાં સ્વરચિત સર્જનનાં પાઠ કરેને શબ્દાંજલિ પાઠવેએ સાર્થક ગણમાંએન એ નિમિતે આ આયોજન થયું છે. સંસ્મરણો પણ રજુ કર્યા. લેખિકા વર્ષાબેન જોષી, દયાબેન ચોવટિયાએ મધુર યાદો તાજી કરી.

આ તકે અમરેલી જાણીતા સર્જક અને નાયબ જિલ્લા શિક્ષણધિકારી (નિરંત) નિખિલ વસાણીનું તેમની ગદ્ય સર્જનની સિદ્દિઓ બદલ વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

લઘુકથા લાઘવિકા પઠન દ્વારા કાચ સર્જકો સર્વ વાસુદેવ સોઢા, ભારતીબેન ગોહિલ, પ્રકાશ દવે, મહેન્દ્રભાઈ જોષી, વિજય મહેતા, કેતન જોષી, ધર્મેન્દ્ર કનાળા, ભરત ઉપાધ્યાય, વિજય દાફડા, પ્રકાશ પધડાળએ શબ્દાંજલિ આપી હતી. લઘુકથા લાઘવિકા વિશે વાર્તાકાર ગોરધન ભેસાણિયા તથા ડો.કેતન કાનપરિયાએ વિશદ ચર્ચા વાર્તાલાપ કર્યો હતો.

પદ્ય સાહિત્યના પ્રકાર તાન્કા–હાઈકું પઠનમાં સજર્વો સર્વશ્રી ફિરોઝ હસ્નાણી, નિલેશ ચાપાનેરી, શશીભાઈ રાજાગુરૂ, ભાવિષાબેન જોષી, કનુભાઈ લિંબાસિયા, ગોવિંદભાઈ દાફડાએ ભાગ લીધો હતો. તાન્કા કાવ્ય પ્રકાર વિશે વરિષ્ઠ કોઈ ઉમેશ જોષીએ વિશેષ વાત કરી હતી.

સમગ્ર પઠાનનાં પ્રતિભાવમાં પરેશ મહેતા દ્વારા આસ્વાદર સંવાદ ચચા કરવા આવેલ.

કાર્યક્રમની મધ્યમ ભરત અગ્રાવત તથા કુ.ઝીલ જોષી દ્વારા સુમધુર ગીતોની પ્રસ્તૃતિ કરવા આવી.

વરિષ્ઠ કવિ હર્ષદ ચંદારાણા અને ગણપતભાઈ ઉપાધ્યાય દ્વારા સમગ્ર ઉપક્રમને, નવતર અભિગમને બિરદાવી રાજીપો વ્યકત કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું રસાળ શૈલીમાં સંચાલન ઉમેશ ચાવડા દ્વારા કરવામાં આવ્યું.

આ તકે સહજ લાગણીમય રીતે સવવા ડો.કાલિન્દી પરીખ, હાર્દિક વ્યાસ, કાળુભાઈ ટાંક, જીતુભાઈ જોટાસણા, હરગોવિંદ પંડયા, ચેતનાબેન બાજક, ભારતીબેન પંડયા, જગદીશ મહેતા નિલેશ પાઠક, નટુભાઈ ભટ્ટ, માલતીબેન પંડયા સહિતના ભાવકો, પરિવારજનો હાજર રહયા હતા.ઉપક્રમમાં ઉપસ્થિત સર્વ સર્જકો ભાવકોને અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર તરફથી પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા. રાજય શ્રેષ્ઠ શિક્ષક એવોડ વિજેતા પ્રફુલ્લભાઈ કાતરિયાને પણ આ તકે અભિવાદન કરવામાં આવેલ.

### અમરેલીની માતૃશ્રી મોંઘીબા કોલેજ દ્વારા

# દેવરાજીયા ખાતે વૃક્ષારોપણ અને જનજાગૃતિ અભિયાન યોજાયું

### આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત થયું આયોજન

અમરેલી, તા. ૯




અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીનાં '' રાષ્ટ્રીય સેવા યોજના'' (એન.એસ.એસ.) વિભાગ દ્વારા તા. ૯/૮/૨૦૨૩ ને બુધવારનાં રોજ ધારાસભ્ય તથા ઉપદંડક કૌશિકભાઈ વેકરીયાનાં ગામ દેવરાજીયા મુકામે, આઝાદી કા અમૃત મહોત્સવ તથા મેરી મિટ્ટી મેરા દેશ અભિયાન અંતર્ગત ૭૫ વૃક્ષો વાવવાનો સુંદર કાર્યક્રમ આયોજીત થયો હતો. વિશાળ સંખ્યામાં કોલેજની વિદ્યાર્થીનીઓ, એન.એસ.એસ. વિભાગનાં કો–ઓર્ડિનેટર પ્રા. ડો. અરૂણાબેન પટેલ, પ્રા. નયનાબેન જોષીનાં માર્ગદર્શન હેઠળ દેવરાજીયા મુકામે જઈ શ્રીમતિ સગુણાબેન કૌશિકભાઈ વેકરીયા તથા શકિતભાઈ વેકરિયા દ્વારા તમામ વિદ્યાર્થીનીઓ તથા ગ્રામજનોને સાથે રાખી આઝાદીનાં પંચોતેર વર્ષનાં ભાગરૂપે ૭૫ વૃક્ષો વાવવામાં આવ્યાં હતાં. ''મેરી મિટ્ટી મેરા દેશ'' વિષયની વિદ્યાર્થીનીઓ દ્વારા ગ્રામજનોને સુંદર માહિતી આપીને ''રાષ્ટ્ર સર્વોપરી'' નો સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો

કાર્યક્રમને અસરકારક રીતે સફળ બનાવવામાં સહકાર આપનાર સરપંચ, તમામ ગ્રામજનો, એન.એસ.એસ. કો–ઓર્ડિનેટર તથા કોલેજની વિદ્યાર્થીનીઓને અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખૂંટ તથા કોલેજના ઈન્ચાર્જ પ્રિ. ડો. બી.આર. ચુડાસમા, સમગ્ર સ્ટાફ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# સાવરકુંડલા ખાતે સ્તનપાન સપ્તાહ અંતર્ગત ઉજવણી



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા શહેરમાં આવેલ કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ સાવરકુંડલા ખાતે વિશ્વ સ્તનપાન સપ્તાહ(૧ થી ૭ ઓગસ્ટ) અંતર્ગત પ્રસૂતિ વિભાગ ખાતે ઉજવણી કરવામાં આવેલ હતી.

તેમાં સરકારી નર્સિંગ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ પોસ્ટર પ્રદર્શન કરેલ તેમજ દર્દીઓને આઈ.ઈ.સી. દ્વારા માહિતગાર કરેલ હતા. જેમાં અધિક્ષક અને આર.એમ.ઓ.ની સૂચનાથી મેટરની તથા હેડ નર્સનાં માર્ગદર્શનથી પ્રસૂતિ વિભાગનાં સ્ટાફ નર્સોએ આ કાર્યક્રમ સફળ બનાવવા તેમજ દર્દીઓની સારવાર અને સુવિધા માટે જહેમત ઉઠાવેલ હતી.

### સમાજ સુરક્ષા અને બાળ સુરક્ષા એકમ દ્વારા

# લાઠી ખાતે દિવ્યાંગજનોને સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

### કર્મચારીઓએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી

અમરેલી, તા.૯



લાઠી ખાતે ધારાસભ્ય અધ્યક્ષ સ્થાને દિવ્યાંગ લાભાર્થીઓને લાભાન્વિત કરવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અધ્યક્ષ દ્વારા દિવ્યાંગો અને માતા–પિતા વગરનાં અનાથ બાળકોની પ્રત્યે સંવેદન શિલતા દાખવી આવા બાળકો અને દિવ્યાંગ વ્યકિતઓ સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડાય અને માનભેર પોતાનું જીવન જીવી શકે તે હેતુથી સમાજ સુરક્ષા પ્રભાગ અને બાળ સુરક્ષા એકમ સાથે સંકલન કરી લાઠી બાબરા તાલુકાનાં દિવ્યાંગોને રોજગાર લક્ષી સાધન, એસ.ટી.બસમાં મફત મુસાફરી પાસ, અને પાલક માતા–પિતા યોજના હેઠળનાં બાળકોને માસિક ૩૦૦૦ ની સહાયના મંજુરી આદેશનું વિતરણ કરવામાં આવ્યું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અમરેલી દ્વારા કરવામાં આવેલ. આ તકે કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને ધારાસભ્ય તથા લાઠી શહેર ભાજપ પ્રમુખ તેમજ વિવિધ હોદેદારોની ઉપસ્થિતિમાં આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, આર.બી.ખેર, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, વી.યુ.જોષી તેમજ સમાજ સુરક્ષા કચેરીનાં કર્મચારીઓ તથા બાળ સુરક્ષા કચેરીનાં કર્મચારીઓ હાજર રહી આ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.

### ૧૦ ફુટ બાય ૨૦ ફુટની સાઈઝમાં સાઈન બોર્ડ લગાવાશે

# અમરેલી, બગસરા, ધારી, રાજુલા, સા.કુંડલા સહિતનાં બસ ડેપોમાં જાહેરાત પ્રસિદ્ધ કરી શકાશે

### નજીવા દરે નિગમનાં નીતિ નિયમો અનુસાર જાહેરાત પ્રસિધ્ધ કરી શકાશે

અમરેલી, તા.૯

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી વિભાગ અંતર્ગત તાલુકા કક્ષાએ આવેલા અમરેલી, બગસરા, ધારી, રાજુલા તેમજ સાવરકુંડલા ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાનાં ઉના અને કોડીનાર સહિતનાં તમામ બસ ડેપો હેઠળના તમામ કંટ્રોલ પોઈન્ટ ઉપર ૧૦ ફુટ બાય ૨૦ ફુટની સાઈઝમાં સાઈન બોર્ડ પર નજીવા દરે નિગમનાં પ્રવર્તમાન નીતિ નિયમો અનુસાર જાહેરાત પ્રસિધ્ધ કરી શકાશે. આ જાહેરાત પ્રસિધ્ધ કરવા માટે રસ ધરાવનાર ઈસમો, પાર્ટી, કંપનીઓ આવકાર્ય છે.

રાજય કે કેન્દ્ર સરકાર દ્વારા તેમજ સ્થાનિક સતાધિકારી દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલી ચીજ વસ્તુઓની જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહિ. જાહેરાત આપવા માટે અને જાહેરાતનાં દર સહિતની વધુ વિગતો માટે કચેરીનાં કામકાજ દિવસોમાં સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી વિભાગીય નિયામક, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની કચેરી, લાઠી રોડ, અમરેલી પિન–૩૬૫૬૦૧ ખાતે રૂબરૂ સંપર્ક કરવા ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી વિભાગનાં નિયામકની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### સ્થાનિક રહેવાસીએ કોર્ટનો સહારો લેતા

# જાફરાબાદમાં જરૂરી વ્યવસ્થા વગર માર્ગનું કામ શરૂ ન કરવા સુચના

### એડવોકેટ મહેશભાઈ બારૈયાની દલીલો સફળ રહી

જાફરાબાદ, તા. ૯, જાફરાબાદ નગરપાલિકા દ્વારા પીપળીકાંઠા વિસ્તારમાં ખોદકામ કર્યા વગર અને ગટરની વ્યવસ્થા અને વરસાદનાં પાણીનાં નિકાલ કર્યા વગર રોડ બનાવવાનું શરૂ કરેલ જે જાફરાબાદના નાગરીક અરવિંદભાઈ પોલાભાઈ સોલંકીનાં રહેણાકનાં મકાનને નુકશાન થતુ હતું જે અંગે નગરપાલિકાને પહેલા ગટર બનાવી અને ખોદકામ કરી રોડ બનાવવાનું જાણ કરવા છતાં નગરપાલિકા દ્વારા રોડનું કામ શરૂ રાખેલ જેથી અરજદાર દ્વારા જાફરાબાદ કોર્ટમાં રે.દી.મુ.નં.૦૭/૨૦૨૨ થી દાવો દાખલ કરેલ જે સામે નગર પાલીકા દ્વારા નોટીસ આપ્યા વગર દાવો દાખલ કરેલ જેથી સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ્સ ૧૧ (ડી) ની અરજી લાવેલ જે કોર્ટ રદ કરી વાદી અરવિંદભાઈના લાભમાં જાફરાબાદ નગરપાલિકા દ્વારા ખોદકામ કર્યા વગર એન ગટરની વ્યવસ્થા કર્યા વગર બનાવતા રોડને અટકાવતો (સ્ટે) વચગાળાનો હુકમ તા.૮/૮/૨૦૨૩ ના રોજ જાફરાબાદ કોર્ટ કરેલ જે વાદી તરફે જાફરાબાદનાં યુવા વકીલ મહેશભાઈ બારૈયાની દલીલ માન્ય રાખેલ.

# કુંકાવાવ ખાતે સહકારી મંડળી દ્વારા ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનું સન્માન થયું



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવમાં ઈફકોનાં ચેરમેન દીલીપભાઈ સંઘાણીનું સન્માન તેમજ વાર્ષિક સામાન્ય સભા સહિતનાં કાર્યક્રમો શ્રી મોટી કુંકાવાવ ખેતી વિકાસ સેવા સહકારી મંડળી દ્વારા યોજાયા હતા. તેનાં વાર્ષિક હિસાબો રજૂ કરીને મંડળીનો વાર્ષિક નફો ૧૧ લાખ ૩૩ હજાર જાહેર કર્યો હતો. જયારે સભાસદોને ૧૦ ટકા ડિવીડન્ડની જાહેરાત કરાઈ હતી. જયારે વિવિધ આગેવાનો દ્વારા દિલીપભાઈ સંઘાણીનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળીનાં પ્રમુખ પરશોતમભાઈ કુનડીયા દ્વારા મંડળીની પ્રગતિ અને વાર્ષિક અહેવાલ વાંચી સંભળાવી રજૂ કર્યો હતો અને મોંઘેરા મહેમાન દીલીપભાઈ સંઘાણી સહિતનાં આગેવાનોનું સન્માન મંડળીનાં હોદ્દેદારો તથા સભાસદો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દીલીપભાઈ સંઘાણીએ મંડળીની પ્રગતિ અને સહકારી ક્ષેત્રમાં જે રીતે પ્રગતિ થઈ રહી છે અને ખેડૂતોને વધુમાં વધુ સગવડ સાથે સુવિધા અને ઉપયોગીતા વિશે જણાવીને મંડળીની પ્રગતિશીલ કાર્યશૈલીને વખાણીને શુભેચ્છા આપી હતી. આ પ્રસંગે તમામ સભાસદો તેમજ વિવિધ મંડળીનાં પ્રતિનિધિ અને આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દલીપભાઈ સંઘાણીને સન્માનીત કર્યા હતાં.

### પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય વિરજી ઠુંમરનો ચોંકાવનારો આક્ષેપ

# અમરેલી જિલ્લાનાં ઐતિહાસિક વિસ્તાર ગણાતા બાબરા પંથકમાં અસામાજિક પ્રવૃત્તિઓ વિકરાળ બની

### વિદેશી દારૂ, નશાકારક સિરપનો જથ્થો ઝડપાઈ રહ્યો હોય નારાજગી વ્યકત કરી

અમરેલી, તા. ૯

દેવભૂમિ બાબરા પંચકૂંડ અને પાંડવો સાથે જોડાયેલી પાંચાળી ભૂમિ આજે ગેરકાયદેસર ધંધાનું હબ બની ચુકયું છે. આયુર્વેદના નામે નશીલી પ્રોડકટ વેચતાં ભારતીય જનતા પાર્ટીનાં આગેવાનો પકડાઈ છે. કરીયાણા રોડ ઉપર અને જીઆઈડીસીમાંથી દારૂ પકડાયો, ભાજપનાં આગેવાનો વિકાસની વાતોના નામે ભ્રષ્ટાચારમાં ખદબદે છે. બાબરાએ અનેક ધારાસભ્યો આપ્યા છે પરંતુ બાબરા એ હંમેશા વિકાસશીલ પ્રવૃત્તિ આગળ વધારી હતી. તાજેતરમાં વિકાસના નામે મીંડુ છે ભ્રષ્ટાચારમાં નશીલી પ્રવૃત્તિમાં ડોલતું બાબરા બન્યું છે. એટીવીટી હોય, આઘાત સાથે આ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી ચુકયા પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે દુઃખ સાથે જણાવ્યું હતું કે, ભાજપની ગંગોત્રીમાંથી ભ્રષ્ટાચાર વહી રહ્યો છે તે બાબરામાં વિશાળ ફુલ્યો ફાલ્યો છે. હવે તો ભગવાન જ બચાવી શકે તેમ છે. ત્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ કયાં છે ? રોજ નતનવા ફટકા પહેરીને ટોપીઓ પહેરીને અગાઉ મંજૂર થયેલા કામોનાં ખાતમુર્હુત કરતાં આગેવાનો દેખાતા નથી. ત્યારે બાબરાનાં લોકો હવે હવે અમને કોણ બચાવશે ? તેવી ચિંતા સાથે આજે આકાર ઉપર મીટ માંડીને ભગવાનની રાહ જોઈ રહ્યા છે.



વધુમાં જણાવ્યું હતું કે, બસ હવે તો ભાજપ કહેનારા લોકો હવે કયારે ચૂંટણી આવશે તેની રાહ જોઈ રહ્યા છે. ત્યારે આઈએએસઆઈ અને સિવિલ કોડ સાથે કામ કરતા અધિકારીઓને વિનંતી સાથે જણાવ્યું હતું કે, સરકાર ઉપર ભરોસો રહ્યો નથી પરંતુ સિવિલકોડ પ્રમાણે આપે જે શપથ લીધા છે કોઈનું પણ માન્યા વગર આ દેવભૂમિ બાબરાને બચાવવા માટે સ્વમાનભેર આગળ આવો એક સામાજીક, રાજકીય આગેવાન તરીકે મારો પુરો સહકાર આપને મળવાનો છે. ત્યારે બાબરાને બચાવવા આપ આગળ વધો તેમ ઠુંમરે જણાવ્યું હતું.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ આર.કે. વ્યાસ**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **અલ્પાબેન વિજયભાઈ ભડીયાદરા** રહે. અમરેલી વાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

શિવ રેસીડેન્સી–૨ અમરેલી

રે. સર્વે.નં. ૨૬૮/૧ પૈકી ૧, ૨૬૮/૧/પૈકી ૨, ૨૬૮/૧/પૈકી ૩

સીટી સર્વે નં. NA ૨૬૮/૧/પૈકી ૧, NA ૨૬૮/૧/પૈકી ૨, NA ૨૬૮/૧/પૈકી ૩/૧

બીનખેતી પ્લોટ નં. ૧ જેના ચો.મી. ૧૧૫–૦૦

રજીસ્ટર્ડ બાનાખત નંબર : ૪૧૪૨/૨૦૨૩ રજી. તારીખ : ૩૧/૦૭/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) હેતલબેન હિરેનભાઈ ઝીંઝુવાડીયા (૨) હિરેનભાઈ બાબુલાલ ઝીંઝુવાડીયા પાસેથી વેચાણ રાખેલ છે. તેઓએ આ મિલ્કત (૧) બચુભાઈ નાગજીભાઈ સોજીત્રા (૨) દેવરાજભાઈ નાગજીભાઈ સોજીત્રા (૩) કાળુભાઈ નાગજીભાઈ સોજીત્રા નં. ૨ પોતે જાતે તથા નં. ૧ તથા ૩નાં કુલમુખત્યાર પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૧૧૭૯/૨૦૨૦ તા. ૨૬/૦૫/૨૦૨૦નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૦૫/૦૬/૨૦૧૮નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૯/૦૮/૨૦૨૩

અમરેલી

ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**આર.કે. વ્યાસ**
એડવોકેટ

## અવસાન નોંધ

**બાબરા :** બાબરા નિવાસી સ્વ. લક્ષ્મીશંકર (બાબુભાઈ) પોપટલાલ ત્રિવેદીનાં ધર્મપત્નિ તેમજ શાંતિભાઈ ત્રિવેદી, બાવકુભાઈ ત્રિવેદીનાં ભાભી અને પ્રવીણભાઈ અને હર્ષદભાઈનાં માતૃશ્રી તથા નરૂભાઈ ત્રિવેદીનાં કાકી ગં. મંગળાબેન ત્રિવેદીનું ૯૪ વર્ષની જૈફ વયે તા. ૫/૮/૨૩નાં રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૧૧/૮/૨૩ ને શુક્રવારનાં રોજ ગાયત્રી મંદિર બ્રહ્મસમાજની વાડી બાબરા ખાતે બપોરનાં ૩ થી ૫ નાં સમયે રાખેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં બૃહદગીરમાં

પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે. ઉનાળા દરમિયાન સિંહો માટે અલાયદી અને વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે સિંહ માટે પીવાના પાણીની સગવડ ધારી પૂર્વ વન્યજીવ રેન્જમાં કરવામાં આવે છે. ઈજાગ્રસ્ત સિંહો માટે સારવાર અને ઓબ્ઝર્વેશન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. સિંહોનું વિશેષ પ્રકારે સંરક્ષણ કરવામાં આવી રહ્યું છે. શેત્રુંજી વન્યજીવ વિભાગ અંતર્ગત અમરેલી અને ભાવનગર વિસ્તારમાં સિંહ સહિતના વન્યજીવો ખેડૂતોની ખેતીની જમીનમાં ખુલ્લા કુવામાં ના પડે તે માટે ૬૭૩ કુવાઓની પારાપીટનું બાંધકામ કરીને કુવાઓને સુરક્ષિત કરવામાં આવ્યા છે. અમરેલી વિસ્તારમાં ખેડૂતોની ખેતીની જમીનમાં અંદાજે ૬૦૦ જેટલા મંચાણા (મેડા) બનાવવામાં આવ્યા છે. ખેડૂતો પોતાની ખેતીની જમીનમાં વીજપ્રવાહ ખુલ્લો મૂકી રહ્યા છે, જે સિંહ સહિતના વન્યજીવો માટે જોખમ ઉભું કરે છે. આપણે જીવ પ્રત્યે સંવેદનશીલતા દાખવીને સિંહ સહિતના વન્યપ્રાણીઓના સંરક્ષણને લઈને આગળ આવવું જરૂરી છે. આવો સૌ જાગૃત્ત નાગરિક બનીને જીવદયા પ્રત્યે સંવેદનશીલ બનીએ અને નાગરિક તરીકેની ફરજ અદા કરીએ.

ગુજરાત સરકાર અંતર્ગત વન વિભાગ દ્વારા સિંહ સંરક્ષણને લઈને તમામ પ્રકારની કામગીરી નિયમિત રીતે કરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતની આન, બાન અને શાન ગણાતા સિંહોના સંરક્ષણને લઈને બિમાર સિંહોની સારવાર સહિતની સુવિધાઓ અને વ્યવસ્થાઓ સુદ્રઢ રીતે કરવામાં આવી છે.

## મોંઘવારીનો માર સંયુકત રીતે ઉપાડતો ગરીબ પરિવાર



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ભીખ માંગીને ખાવા કરતાં મહેનતનું મીઠું લાગે અને હકનું ખાયને સ્વાભિમાનથી જીવવું સારું એ કહેવત ઉનાનાં ગરીબ પરિવારે સાબિત કરી હોય તેમ એક જ પરિવારનાં ૬ જેટલા સભ્યો સવારે ભુખ્યા પેટે ભંગારની ફેરી કરવા લારી લઈને ઉનાનાં જુદા જુદા વિસ્તારમાં ફરી ભંગાર ભેગો કરી કબાડીનાં ડેલામાં વેંચી આત્મ સન્માનથી હકનો રોટલો રળી માતાની આગેવાનીમાં પરિવારનું ગુજરાન ચલાવી રહ્યાં છે.

### ગીરગઢડા તાલુકાનાં જામવાળા નજીક આવેલ

# જમજીર ધોધ ચારે બાજુ લીલાછમ વન વચ્ચે સૌરાષ્ટ્રનો આ ધોધ કુદરતની દેન છે

### મોટી સંખ્યામાં સહેલાણીઓ લ્હાવો લે છે

ઉના, તા. ૯

હાલ ચોમાસાની ઋતુ ચારે બાજુ કુદરતની હરિયાળી જોવા મળે છે નદીઓમાં આવેલા નવા નીરથી કેટલીય જગ્યાએ ધોધનો અનેરો નજારો જોવા મળે છે. નદીઓમાં આવેલા નવા નીરથી કેટલીય જગ્યાએ ધોધનો અનેરો નજારો જોવા માટે લોકો પરિવાર સાથે ઉમટી રહ્યાં છે. ત્યારે ગીર ગઢડા તાલુકાનાં જામવાળા નજીકથી પસાર થતી શિંગોડા નદી પરનો જમજીર ધોધનો નજારો પણ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ભર જંગલની વચ્ચેથી પસાર થતી નદી પરનાં આ ધોધ પાસેનું કુદરતી સૌંદર્ય પણ ચોમાસામાં ખીલી ઉઠે છે. જમજીર ધોધની નજીકમાં આવેલ સાત મહાદેવ મંદિરનું મહાત્મ્ય પણ અનેરું છે. ચોમાસામાં ખીલી ઉઠેલા કુદરતી સૌંદર્ય અને ધોધની મજા લેવા માટે રજાઓનાં દિવસોમાં અહીં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે.

## જાહેર નોટિસ

**અમરેલીના મહે. એડિશનલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ. અમરેલી.**

દી.પ.અ.નં.: ૪૬/૨૦૨૩
મુદત તારીખ : ૨૦/૦૯/૨૦૨૩

ઈમત્યાજ રજાકમીયા કાદરી
રહે. બાપુની હવેલી, મોટી કસ્બાવાડ, અમરેલી. ....................અરજદાર

**વિરૂધ્ધ**

––કોઈ નહીં–– ......................પ્રતિવાદી

ઉપરોકત જણાવ્યા મુજબનાં અરજદારનાં માતા તારીખ ૨૦/૦૬/૨૦૨૩ ના રોજ અવસાન પામેલ છે, તથા પિતાજી તારીખ ૦૯/૦૨/૧૯૯૩ ના રોજ અવસાન પામેલ છે. તેમના માતાના નામે બેન્ક ઓફ ઈન્ડિયા, અમરેલી શાખામાં ત્રણ ખાતાઓ ચાલુ છે, જે પૈકી ખાતા નંબર (૧) 274010100007842 ખાતા નંબર (૨) 274056110001085 ખાતા નંબર (૩) 274056110001086 માં પડેલ ફિકસ ડિપોઝિટની કુલ રકમ **રૂા. ૪,૨૬,૭૫૬–૬૮** ઉપાડવા માટે તેમના નામનું વારસાઈ સર્ટિફિકેટ મેળવવા માટેની અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે. જે અરજી સામે જો કોઈને વાંધો તકરાર હોય તો મુદત તારીખ **૨૦ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩** ના રોજ સવારે ૧૦:૩૦ વાગે તે અરજી વિરૂધ્ધ કારણ દર્શાવવા માટે તમારે જાણે અથવા યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો, તો સદરહુ અરજી સાંભળીને તેનો એક તરફી નિકાલ કરવામાં આવશે.

આજ તા. ૯ માહે ૮ સને ૨૦૨૩ ના રોજ મારી સહી અને કોર્ટનો સિકકો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (જે.પી. મકવાણા) | સિકકો | (એ.એ. પંડયા) | (જે.એ. જોષી) |
| આસીસ્ટન્ટ | | શિરેસ્તેદાર | રજિસ્ટ્રાર |
| એડિશનલ સિવિલ કોર્ટ | | એડિશનલ સિવિલ કોર્ટ | પ્રિન્સિ.સિનિ. સિવિલ કોર્ટ |
| અમરેલી | | અમરેલી | અમરેલી |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૧ | ૧૫૪૦ |
| ૨ | જુવાર પીળી | ૫૫૦ | ૫૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૨૦ | ૧૫૮૭ |
| ૨ | શિંગ મોટી | ૧૩૫૦ | ૧૭૪૦ |
| ૩ | શિંગદાણા | ૧૨૪૦ | ૨૩૯૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૯૨૦ |
| ૫ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૪૭૮ |
| ૬ | તલ કાળા | ૨૬૦૦ | ૩૩૭૮ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૨૮૨ | ૩૨૮૨ |
| ૮ | બાજરો | ૪૨૩ | ૪૫૦ |
| ૯ | જુવાર | ૭૨૫ | ૯૯૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૮૯ | ૫૬૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૪ | ૫૩૨ |
| ૧૨ | અડદ | ૧૮૩૧ | ૧૮૩૧ |
| ૧૩ | ચણા | ૭૨૦ | ૧૦૨૧ |
| ૧૪ | તુવેર | ૯૦૦ | ૧૭૨૦ |
| ૧૫ | કપાસ | ૧૦૫૦ | ૧૫૫૭ |
| ૧૬ | એરંડા | ૮૦૦ | ૧૨૧૯ |
| ૧૭ | ધાણા | ૯૯૬ | ૧૪૨૦ |
| ૧૮ | મેથી | ૯૬૦ | ૧૩૪૧ |
| ૨૯ | સોયાબીન | ૮૬૨ | ૯૩૨ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૨ | તલ સફેદ | ૩૦૫૦ | ૩૨૬૦ |
| ૩ | તલ કાળા | ૩૩૦૧ | ૩૩૦૧ |
| ૪ | કપાસ | ૮૦૦ | ૧૫૦૦ |
| ૫ | બાજરો | ૪૧૦ | ૪૮૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૫૧ |
| ૭ | જુવાર | ૯૬૯ | ૯૭૫ |
| ૮ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૯ | ચણા | ૭૫૦ | ૧૦૫૮ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૬૨૫ | ૯૪૫ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૫૩ | ૫૭૬ |
| ૩ | લસણ | ૧૨૫૫ | ૧૨૫૫ |
| ૪ | સોયા | ૮૭૧ | ૯૧૪ |
| ૫ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | તુવેર | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ૭ | તલ સફેદ | ૩૧૨૫ | ૩૪૧૨ |
| ૮ | તલ કાળા | ૧૫૦૦ | ૨૩૦૦ |
| ૯ | રાયડો | ૯૦૦ | ૯૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૫૦૦ | ૨૦૯૦ |
| ૧૧ | તુવેરદાળ | ૬૨૫ | ૬૨૫ |
| ૧૨ | જુવાર | ૯૦૦ | ૯૦૦ |
| ૧૩ | બાજરો | ૪૬૩ | ૪૬૩ |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | ૧૪૦૬ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૫ | ૧૫૪૦ |
| ૨ | મગફળી | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૩ | ઘઉં | ૪૨૬ | ૪૨૬ |
| ૪ | ચણા | ૭૮૨ | ૯૭૧ |
| ૫ | સફેદ તલ | ૨૦૦૦ | ૩૫૭૫ |
| ૬ | મગ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૭ | શીંગદાણા | ૧૬૬૦ | ૨૧૮૫ |
| ૮ | ધાણા | ૧૧૦૦ | ૧૪૧૧ |
| ૯ | મેથી | ૮૦૫ | ૧૦૭૦ |
| ૧૦ | મકાઈ | ૫૩૧ | ૫૩૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૬૫૧ | ૧૮૩૧ |
| ૨ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૫૦૦ |
| ૩ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૨૦ |
| ૪ | કપાસ | ૧૦૩૦ | ૧૫૫૧ |
| ૫ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૧૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૧૯ |
| ૭ | બાજરો | ૩૭૦ | ૪૨૬ |
| ૮ | જુવાર | ૬૧૫ | ૮૫૩ |
| ૯ | ચણા | ૯૨૧ | ૧૦૦૯ |
| ૧૦ | તુવેર | ૧૪૦૦ | ૧૯૫૧ |
| ૧૧ | એરંડી | – | ૧૧૯૩ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૧ | ૧૬૧૧ |
| ૨ | ઘઉં | ૪૨૫ | ૪૯૭ |
| ૩ | ચણા | ૮૫૦ | ૯૫૮ |

# બગસરા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને મહાનુભાવો સહિતનાં 'મારી માટી મારો દેશ' અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાયા



અમરેલી તા.૯

સ્વાતંત્ર્ય પર્વના અવસરે માતૃભૂમિનાં વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કરવાનાં હેતુથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા આગામી તા.૩૦ ઓગષ્ટ-૨૦૨૩ સુધી સગગ્ર દેશમાં 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમ યોજાઈ રહયો છે. જિલ્લાના બગસરા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગ્રામજનો, વિદ્યાર્થીઓ, મહાનુભાવો સહિતનાં ઉત્સાહપુર્વક જોડાયા હતા.

### પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી રકમની ફાળવણી

# અમરેલી જિલ્લાનાં બે દર્દીઓને કીડનીની સારવાર માટે રૂપિયા ૩.૫૦ લાખની સહાય

### સાંસદ કાછડીયા સમક્ષ રજૂઆત થતાં મદદ મળી

અમરેલી, તા. ૯

ખાંભા તાલુકાનાં પીપરીયા ગામના રહીશ કેતનકુમાર નારણભાઈ બારૈયા ઉ.વ. ૨૭ અને સાવરકુંડલા શહેર મુકામે મણીનગર વિસ્તારમાં રહેતા સમીર મજીદભાઈ કુરેશીની કિડની ફેઈલ થતાં આ બંને દર્દીઓની ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીઝીઝ એન્ડ રીસર્ચ સેન્ટર (સીવીલ હોસ્પિટલ) અમદાવાદ ખાતે કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર ચાલી રહી હતી.

પરંતુ આ બંને દર્દીઓના પરીવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી સારવારનો ખર્ચ પરવડી શકે તેમ ન હતા.

જેથી આ બંને દર્દીઓના પરીવાર તરફથી અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાને રજૂઆત કરતા સાંસદે તાત્કાલીક દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીને આ બંને દર્દીઓ માટે પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી સહાય મંજુર કરવા માટે ભલામણ કરતા પ્રધાનમંત્રી તરફથી પી.એમ. રીલીફ ફંડમાંથી આ બંને દર્દીઓનાં સારવાર ખર્ચને પહોંચી વળવા વ્યકિતગત રૂા. ૧,૭૫,૦૦૦/- (અંકે રૂા. એક લાખ પંચોતેર હજાર પુરા) લેખે કુલ રૂા. ૩,૫૦,૦૦૦/- (અંકે ત્રણ લાખ પચાસ હજાર પુરા) ની સહાય મંજુર કરવામાં આવતા કેતનકુમાર બારૈયા અને સમીરભાઈ કુરેશીના પરીવારજનોએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને સાંસદ નારણભાઈ કાછડીયાનો આભાર વ્યકત કરેલ છે.

# ચલાલાનાં રોકડીયા હનુમાન મંદિરે ધાર્મિક કાર્યક્રમ યોજાયો



ચલાલા, તા.૯

પુજય દાનબાપુની પાવન ભુમી ચલાલામાં આવેલ અતિ પૌરાણિક એન લાખો શ્રધ્ધાળુ સેવક ગણનું આસ્થાનું કેન્દ્ર એવું ધારી રોડ ઉપર આવેલ રોકડીયા હનુમાનજીનાંા મંદિરમાં તાજેતરમાં સવારે ૮ઃ૩૦ થી ૧૨ઃ૩૦ સુધી મારૂતીપાગ અને રૂજ્ઞપાગ ત્યારબાદ બપોરના ૧ થી ૨ઃ૩૦ સુધી સમુહભોજન પ્રસાદ સાંજના ૪ થી ૬ મહિલા સત્સંગ ૭ થ ી ૮ઃ૩૦ સત્યનારાયણ ભગવાનની કથા રાત્રીનાં ૯ થી ૧૨ સુંદરકાંડનાં પાઠ જેવા ધાર્મીક કાર્યક્રમ ખુબ જ શ્રધ્ધા અને ભકિતભાવ અને ઉત્સાહ પુર્વક યોજાયા હતા.

મારૂતીયાગ અને રૂજ્ઞયાગની પુજા અર્ચના, બીડુ હોમવાનો અમુલ્ય લાભ ચલાલાનાં વેપારી અગ્રણી વિક્રમભાઈ ઉનડકટ, જગદીશભાઈ કાથરોટીયા તથા બાવભાઈ લુહારે સજોડે લીધો હતો. અહી દાતા સરોજબેન નાગલા દિલીપભાઈ નાગલા, બાબભાઈ નાગલા, રવજીભાઈ સોલંકી અને તેમની સાથે રહેલા વિદ્રાન બ્રહ્મદેવતાઓએ કરાવેલ હતી. તેમ રોકડીયા હનુમાન મંદીરનાં પુજારી અશોકબાપુ ગોસાઈએ જણાવેલ છે.

### મેરી માટી મેરા દેશ અંતર્ગત

# રાજુલાનાં ચાંચ ગામે ગ્રામસભાનું સુંદર આયોજન




રાજુલા, તા. ૯

મેરી માટી મેરા દેશ અંતર્ગત રાજયની તમામ ગ્રામ પંચતાયતોમાં આગામી ૧૫ મી ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમો સાથે ગ્રામસભાનું આયોજન થનાર છે. ત્યારે જીલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવનાં માર્ગદર્શન હેઠળ રાજુલા તાલુકાનાં ચાંચ ગામના અમૃત સરોવર ખાતે ગ્રામસભાનું સુંદર આયોજન કરાતા બહોળી સંખ્યામાં લોકો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગ દ્વારા આયુષ્યમાન ભારત કાર્ડ, આભા કાર્ડ, બિનચેપી રોગોનું સ્ક્રીનીંગ અને સગર્ભા બહેનોને મળતી સહાય સહિતની વિવિધ માહિતી સી.એચ.ઓ. કામિનીબેન ચુડાસમા દ્વારા અપાઈ હતી સાથે સાથે સગર્ભા માતા, કિશોરીઓ અને ધાત્રી માતાઓનાં પોષણ તેમજ ચોમાસાની ઋતુ દરમિયાન વાહકજન્ય રોગચાળો ન થાય તે માટે કરાઈ રહેલ કામગીરીની જાણકારી તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા દ્વારા અપાઈ હતી. અમૃત સરોવર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગ્રામજનો દ્વારા માટીનો દીવો હાથમાં લઈ રાષ્ટ્ર નિર્માણ માટે પંચપ્રણની પ્રતિજ્ઞા લઈ સેલ્ફી લીધી હતી તેમજ પૃથ્વી માતાને સજીવન કરવા વસુધા વંદન દ્વારા વૃક્ષારોપણ કરાયું હતું અને ત્યારબાદ રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રગાન કરી ગ્રામસભાની શરૂઆત કરાઈ હતી.

જેમાં એજન્ડા મુજબ વિગતવાર ચર્ચા કરી પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરાયું હતું. સાથે સાથે હર ઘર તિરંગા વિશે પણ ચર્ચા કરાઈ હતી. આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા, તાલુકા પંચાયતમાંથી એમ.પી. વેગડા, સી.કે. જીંજાળા અને સંજયભાઈ મહિડા, સરપંચ પીનલબેન રામજીભાઈ ચૌહાણ, તલાટી-કમ મંત્રીમાંથી વિસ્તરણ અધિકારી તરીકે પ્રમોશન મેળ વેલ ભરતભાઈ કલસરીયા, સીએચઓ કામિનીબેન ચુડાસમા, અશોકભાઈ વેગડ અને ગ્રામપંચાયતનાં સભ્યો સહિતનાં ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ જે યાદીમાં જણાવેલ છે.

## અધિક માસની અમૃતધારા



### મેના વ્રત

હે ભવાની ! આ પવિત્ર પાવન અધિક માસમાં મારે કયું વ્રત કરવું જોઈએ, જેથી કરીને અખંડ સૌભાગ્ય અને સંતતિની પ્રાપ્તિ થાય. આપ મને એ શ્રેષ્ઠ વ્રતની વિવિધ વિષે કૃપા રીને કહો.'

ત્યારે જગતજનની પાર્વતી બોલ્યા : 'હે દેવી ! તમે પુરૂષોત્તમ માસમાં કયું વ્રત કરવું તે વિશે પૂછયું છે, તો સાંભળો, એવું વ્રત મેના વ્રત છે.'

અરુંધતી બોલ્યા : 'હે માતાજી ! એ વ્રતનો મહિમા શું છે ? એ વ્રત કેવી રીતે કરવું ? એના વિધિ-વિધાન શું છે અને એ વ્રત કરવાથી શું ફળ મળે છે તે મને વિગતથી જણાવો.'

પાર્વતીજી બોલ્યા : 'એક વાર હું અને શિવજી સોગઠે રમતા હતા. ત્યારે મારા માતાજી મેનાવતી પધાર્યા. મેં તેમનું સારી રીતે સ્વાગત કર્યુ. તેમના ખબર અંતર પૂછયા.

ત્યારે મારા માતાજી બોલ્યા : 'હે દિકરી ! તું જગત આખામાં પૂજાય છે. દેવો, અસુરો અને મનુષ્યો તારી પૂજા-આરાધના કરે છે. મને એ જોઈ ઘણો જ આનંદ થાય છે. જયારે હું તારી માતા હોવા છતાં પણ મને કોઈ ઓળખતું નથી. તો પૂજા-આરાધના કરવાની વાત જ કયાં આવી ? તું બારે માસ પૂજાય અને મારા માટે વર્ષમાં એક દિવસ પણ નહીં ! આ કેવું કહેવાય ?'

માતાજીની ફરિયાદ સાંભળી હે સતી ! મેં તેમને કહયું : 'હે માતાજી ! પુરૂષોત્તમ મહિનાની શુકલ પક્ષની ત્રીજ તમારી કહેવાશે. જે કોઈ નર-નારી પૂર્ણ શ્રધ્ધા અને ભકિતથી તમારું વ્રત કરશે એના સંપૂર્ણ મનોરથો પૂર્ણ થશે અને તે સુસંતતિ અને શ્રેષ્ઠ સંપત્તિને પ્રાપ્ત કરશે. તેની જન્મોજન્મની દરિદ્રતા અને બાધાઓ નષ્ટ પામશે અને જે સ્ત્રી આ વ્રત કરશે તેનો ચુડી-ચાંદલો અખંડ રહેશે અને તે અખંડ સૌભાગ્યને પ્રાપ્ત કરશે.'

અરુંધતી બોલ્યા : 'હે જગદંબા ! હવે આ વ્રત કેમ કરવું તેનું વિધિવિધાન જણાવો !' **(ક્રમશઃ)**



સંપાદક : મહેન્દ્ર જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

# સાવન કૃપાલ રૂહાની મિશન દ્વારા રક્તદાન શિબિર યોજાઈ



અમરેલી, તા.૯, સાવર કૃપાલ રૂહાની મિશનની અમદાવાદ શાખા દ્વારા રકતદાન શિબિરનું આયોજન રાખવામાં આવ્યું હતું. કેમ્પમાં ૭૪ લોકોએ રકતદાન કયૂ. મિશનનું આધ્યાત્મિક સાહિત્ય શિબિરમાં આવેલ લોકોને નિઃશુલ્ક આપવામાં આવ્યું હતુંા. હઝૂર બાબા સાવન સિંહજી મહારાજની ૧૬૫ ની જન્મતિથિના ઉપલક્ષામાં આ સેવા કરવામાં આવી હતી. મિશન દ્વારા માનવ સેવા માટે જુદા-જુદા સેન્ટર પર આવા રકતદાન શિબિરનું આયોજન રાખવામાં આવે છે.

# દેવળકી ગામે આરોગ્ય વિભાગ દ્વારા વેકિસનેસન કાર્યક્રમ યોજાયો



વડિયા, તા.૯

સરકાર દ્વારા અંતરીયાળ વિસ્તારમાં મજુર આદિવાસી મહિલાઓને મિશન ઈન્દ્ર ધનુષ અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું. વડિયા કુંકાવાવ તાલુકાનાં બ્લોકનાં પી.એચ.સી. અનીડાનાં સબ સેન્ટર બાટવાદેવળી તાબાનાં દેવળકી ગામે મિશન ઈન્દ્ર ધનુષ ૫.૦ અંતર્ગત રસીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તાલુકા વિકાસ અધિકારી ધવલ લીંબાસીયા તેમજ જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાક, તાલુકા પંચાયત દંડક, તુષારભાઈ ગણાત્રા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર જીતેશ ગીરીબાપુ તેમજ આરોગ્ય વિભાગનાં કર્મચારીઓ લીલાબેન આસોદરિયા, દયાબેન, કેતનભાઈ, શિલ્પાબેન, સાગરભાઈ ગોંડલીયા અને આશાબેન તેમજ ગામનાં લોકો સાથે મળીને રસીકરણનું આયોજન સફળ રીતે કરવામાં આવેલ હતું. આવેલ દરેક અધિકારીઓ તેમજ પદાધિકારીઓ દ્વારા આરોગ્ય વિભાગની કામગીરીને બિરદાવામાં આવેલ હતી.

### મહિલા આર્ટસ કોલેજ ખાતે

# સા.કુંડલામાં ''મેરી મિટ્ટી મેરા દેશ'' અંતર્ગત વિવિધ કાર્યક્રમોની ઉજવણી



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા ખાતે ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત ''મેરી મિટ્ટી મેરા દેશ''નાં નેજા હેઠળ માટીનાં કોડિયા દ્વારા દીપ પ્રાગટય અમૃત કળશ માટે માટીનાંકળશમાં માટી અને અક્ષત વડે માતૃભૂમિને સન્માન અર્પણ કર્યું. હોમગાર્ડ્સ જવાનોનું સન્માન, ''પંચ – પ્રણ – પ્રતિજ્ઞા'' જેવા કાર્યક્રમો યોજાયાં હતા. જેમાં મુખ્ય મહેમાન પ્રવીણભાઈ સાવજ કે જેઓ તાલુકા હોમગાર્ડ્સ કમાન્ડર છે, ઉપસ્થિત રહ્યાં હતા, તેઓએ વિદ્યાર્થીની બહેનોને દેશ- પ્રેમની ભાવના સમજાવી પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. આ પ્રસંગે તેમના હોમગાર્ડ્સ સાથી ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં, કોલેજનાં કાર્યકારી આચાર્ય ડી.એલ. ચાવડાએ એન.એસ.એસ. અંતર્ગત સરકાર અને યુનિવર્સિટી દ્વારા આયોજિત આવા કાર્યક્રમોથી યુવા-વર્ગની ભાગીદારી વધશે અને વ્યકિતત્વનું શિસ્તબદ્ધ ઘડતર થશે તેમ જણાવ્યું.પંચ – પ્રણ – પ્રતિજ્ઞા એનએસએસનાં સાથી સહાયક ડો. કે.પી. વાળાએ લેવરાવી હતી. આભાર દર્શન પ્રો. છાયાબેન શાહે કર્યુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડો. હરિતા જોશીએ કર્યું તથા એન.એસ.એસ. નાં આ કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજનાં સ્વયં-સેવિકા બહેનો, વિદ્યાર્થીની બહેનો તથા સમગ્ર સ્ટાફે પણ ખૂબ સહયોગ કરેલ હતો.

# ખડસલી ગામે મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમની ઉજવણી



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા તાલુકાનાં ખડસલી ગામે પ્રાથમિક શાળામાં લોકશાળા ખડસલીનાં વિદ્યાર્થી તેમજ સ્ટાફગણ તેમજ ગામનાં આગેવાનોની ઉપસ્થિતિમાં સર્વપ્રથમ દીપ પ્રાગટય કરી આ કાર્યક્રમ ખુલ્લો જાહેર કરવામાં આવ્યું.

ત્યારબાદ ખડસલી ગામના રાજુભાઈ મેઘજીભાઈ બગડા તેમજ હિતેશભાઈ દિનેશભાઈ વાટલીયા તેમજ ભરતભાઈ નાજાભાઈ રાઠોડ તેમજ સુખદેવભાઈ જીવરામભાઈ ગોંડલીયા જેવો નિવૃત આર્મીમેન તેમજ પોલીસ કમાન્ડો તેમજ પોલીસ અને એસઆરપીમાં ફરજ બજાવી રહ્યાં છે. તેઓને શાલ ઓઢાડી સન્માન પત્ર આપી સન્માનિત કર્યા. ત્યારબાદ આવેલ તમામ બાળક ો તેમજ મહાનુભાવો દ્વારા શપથ ગ્રહણ કરી દેશને આનબાન શાન સાથે ખડસલીનાં સરપંચ શિલ્પાબેન ચેતનભાઈ માલાણી દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવેલ. અને ત્યારબાદ ગામ શાન એવા ચારેય અગ્રણીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. ત્યારબાદ આવેલ તમામ અગ્રણી તેમજ બાળકોને મીઠા મોઢા કરાવી અંતમાં શાળાનાં પ્રિન્સીપાલ નાનજીભાઈ મકવાણા દ્વારા કરવામાં આવેલ અને આ તકે તાલુકા ભાજપ મહામંત્રી ચેતનભાઈ માલાણી તેમજ તલાટી મંત્રી દિલીપભાઈ પંડયા ઉપસ્થિત રહ્યાં હતા.

આ તકે ખડસલી પ્રાથમિક શાળાનાં કીરીટભાઈ રાઠોડ હાજર રહી કાર્યક્રમ પૂર્ણતા જાહેર કર્યો. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### WhatsApp પર આવ્યું નવું ફીચર

# વોટ્સએપમાં ગ્રુપ મેમ્બર્સ કરી શકશે ઓડિયો ચેટ

### વોઈસ ચેટ ફીચરની મદદથી યુઝર્સને ગ્રુપમાં ઓડિયો કોલ કરવાની સુવિધા મળશે, આ પહેલા ગ્રુપ મેમ્બર્સને વીડિયો કોલની સુવિધા મળતી હતી

નવી દિલ્હી, તા.૯

ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ વોટ્સએપે ગ્રુપ મેમ્બર્સ માટે વોઇસ ચેટ્સ નામનું એક નવું ફીચર રજૂ રોલઆઉટ કર્યું છે. નવી સુવિધા યુઝર્સને ગ્રુપમાં વૉઈસ કૉલ દ્વારા ઑડિયો ચેટ કરવાની સુવિધા આપશે. હાલમાં આ ફીચર બીટા ટેસ્ટિંગ માટે રજૂ કરવામાં આવ્યું છે. કંપની ટૂંક સમયમાં તેને તમામ લોકો માટે રોલઆઉટ કરશે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ **WhatsApp**એ એક નવું ફીચર એડમિન રિવ્યુ બહાર પાડ્યું છે, જે ગ્રુપ ચેટ્સને મેનેજ કરવામાં મદદ કરે છે. વોટ્સએપના ફીચર્સ પર નજર રાખતી વેબસાઈટ **WABaInfo**એ નવા ફીચર વિશે માહિતી આપી છે. **WABaInfo** અનુસાર, **WhatsApp** એક નવા ફીચર પર કામ કરી રહ્યું છે જે ગ્રુપ યુઝર્સને ગ્રુપમાં ઑડિયો ચેટ કરવાની મંજૂરી આપશે. હાલમાં તે **WhatsApp** બીટા વર્ઝન એન્ડ્રોઈડ ૨.૨૩.૧૬.૧૯ માટે રિલીઝ કરવામાં આવ્યું છે. ટેસ્ટિંગ પછી કંપની તેને અન્ય યુઝર્સ માટે પણ રિલીઝ કરી શકે છે. વોઈસ ચેટ ફીચરની મદદથી યુઝર્સને ગ્રુપમાં ઓડિયો કોલ કરવાની સુવિધા મળશે. આ પહેલા ગ્રુપ મેમ્બર્સને વીડિયો કોલની સુવિધા મળતી હતી. જો કે, તેની પણ મર્યાદાઓ છે, જેમ કે એક સમયે માત્ર ૩૨ લોકો જ વીડિયો કૉલમાં જોડાઈ શકે છે.

ફીચર ટ્રેકર અનુસાર, વોટ્સએપની કોલ પરની હાલની મર્યાદા વોઈસ ચેટ્સ પર પણ લાગુ થશે. એટલે કે એક સમયે માત્ર ૩૨ ગ્રુપ મેમ્બર્સ જ તેમાં જોડાઈ શકશે. આ ફીચર ગ્રુપ એડમિનની ગેરહાજરીમાં પણ ગ્રુપ મેસેજને મેનેજ કરવામાં મદદ કરશે. આ ફીચર ગ્રુપ મેનેજમેન્ટને વધારવા માટે રજૂ કરવામાં આવી રહ્યું છે. ફીચર હેઠળ ગ્રુપ મેમ્બર્સને ગ્રુપ સેટિંગ્સમાં એડિટ ગ્રુપ સેટિંગ્સનો નવો વિકલ્પ મળશે. આ વિકલ્પની મદદથી ગ્રુપના સભ્યો કોઈપણ અયોગ્ય અથવા ખોટા મેસેજની જાણ કરી શકે છે. રિપોર્ટના આધારે, ગ્રુપ એડમિન પાસે મેસેજને દૂર કરવાનો અથવા સામગ્રીના આધારે યોગ્ય પગલાં લેવાનો અધિકાર હશે. આ ફીચરની મદદથી અશ્લીલ અને અન્ય સમાન મેસેજ અને કન્ટેન્ટને ગ્રુપમાં મોકલતા અટકાવી શકાય છે. નવા વોઈસ ચેટ ફીચર હેઠળ ગ્રુપમાં કોલ આઈકોનને બદલે યુઝરને નવા ગ્રુપ ઓડિયો કોલ આઈકોન જોવા મળશે. ગ્રુપના સભ્યો આ આઈકન પર ટેપ કરીને ઓડિયો ચેટ શરૂ કરી શકે છે. અન્ય ગ્રુપના સભ્યો પણ સમાન આઈકન પર ટેપ કરીને ઓડિયો કૉલમાં જોડાઈ શકશે. અન્ય ગ્રુપ કૉલ્સની જેમ, વૉઈસ ચેટમાં તમારા ફોનમાં રિંગ વાગશે નહી પરંતુ ગ્રુપ મેમ્બર્સને માત્ર પુશ નોટિફિકેશન મળશે.

હેપ્પી બર્થ-ડે...
લીલીયા નાયબ મામલતદાર આશિષગીરી ગોસાઇ
અને સલડી પ્રાથમિક શિક્ષક જલ્પાબેન ગોસાઇનો
લાડકો દીકરો અને દાદા : નિ.તાલુકા વિકાસ
અધિકારી રમેશગીરી ગોસાઇ અને દાદી : મિતાબેનનો
લાડકવાયો "અદિત"નો આજે જન્મદિવસ છે.
અદિત આજે કેક કાપીને લીલીયા ખાતે
તેમના નિવાસસ્થાને
જન્મદિવસની ઉજવણી કરશે.
આપ પણ આવજો કેક ખાવા...

અદિત ગોસાઇ

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



## સ્વ. ભરતભાઈ અશોકભાઈ ડેર (મોણપુર)

સ્વ.તા. ૦૮-૦૮-૨૦૨૩, અ. શ્રાવણ વદ-૮ ને મંગળવાર

રહેશો સદા અમ સ્મરણોમાં તમો, સ્નેહના બંધન કદી તુટશે નહીં,
પરમાત્મા આપના આત્માને ચીર શાંતિ અર્પે એજ અંતરથી પ્રાર્થના,
સતકર્મો અને સદ્‌ભાવના સભર જીવન જીવનાર, પરિશ્રમ અને
પરોપકારના મૂર્તિમંત સ્વરૂપને કોટી કોટી વંદન સાથે શ્રદ્ધાંજલિ અર્પણ.

ભગવાન શ્રી દ્વારકાધીશ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**લી.**

પીઠાભાઈ વાસુરભાઈ ડેર (સરપંચ : ભીલા)
પ્રદિપભાઈ પીઠાભાઈ ડેર (GETCO)
સુરજીતભાઈ પીઠાભાઈ ડેર (SP કન્સ્ટ્રકશન)
રાજેશભાઈ પીઠાભાઈ ડેર (PGVCL)
જીલુભાઈ કેહુરભાઈ ડેર (મોણપુર)
જેઠાભાઈ રામભાઈ ભેડા (મોણપુર)
અશોકભાઈ ઘુસાભાઈ ભેડા (મોણપુર)

વનરાજભાઈ કોઠીવાળ (સંગેશ્વામ)
છૈયા સાહેબ (રાજકોટ)
પરેશભાઈ આરદેશણા (હાઈટેક)
પંકજભાઈ રાવલ (શ્રીઘર)
જીતુભાઈ સાવલીયા (ભગવતી)
અભય મેશીયા (ભગવતી)
દલસુખભાઈ સોંદરવા (હાઈટેક)

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)